
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ





શત્રુંજયનાં જૈન દેવાલયો.



[પુ]સ્તક ૩૭ મું.
અંક ૧૦ મો

સંવત ૧૯૯૬
વૈશાખ

પ્રકાશક:—
શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


| | | | |
|---|---|---|---|
| ૧. | એ માનવી! પૂછું તને, તેં જન્મી સાર્થક શું કર્યું? (પદ્ય) | (રેવાશંકર વાલજી બધેકા) | ૨૬૩ |
| ૨. | સ્નેહ એ દુઃખનું મૂળ છે .... | (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) | ૨૬૫ |
| ૩. | શ્રી શ્રુતજ્ઞાન ... ... .... | (પં. શ્રી ધર્મવિજયજી મહારાજ) | ૨૬૮ |
| ૪. | સિધ્ધસેન દિવાકર .... ... | (ઉધ્ધૃત) ... ... | ૨૭૧ |
| ૫. | ધર્મ કેમ સધાય? ... ... ... ... | | ૨૭૫ |
| ૬. | પૂજનના વિવિધ પ્રકારો ... ... | (મોહનલાલ દીપચંદ ચોકસી) | ૨૭૬ |
| ૭. | જીવનનું રહસ્ય ... ... ... | (અનુ૦ અભ્યાસી B. A.) | ૨૭૯ |
| ૮. | પરમાત્માનું અધિરાજ્ય ... ... ... ... ... | | ૨૮૩ |
| ૯. | ઉચ્ચ કોટીનું બળ .... ... ... ... ... | | ૨૮૬ |
| ૧૦. | વર્તમાન સમાચાર ... ... ... ... ... ... | | ૨૮૭ |



## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવ સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, તથા રત્નાકર પચ્ચીશી, અને એ યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઈંડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને એ પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂ. ૦—૪—૦ ચાર આના. પોસ્ટેજ રૂ. ૦—૧—૩ મળી મંગાવનારે રૂ. ૦—૫—૩ ની ટીકીટો એક બુક માટે મોકલવી.

લખોઃ —

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.


"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનું વાર્ષિક લવાજમ. રૂા. ૧-૮-૦ પોસ્ટેજ ચાર આના અલગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૩૭ મું : આત્મ સં. ૪૪ : વીર સં. ૨૪૬૬ : વૈશાખ :
અંક : ૧૦ મો : * * . વિક્રમ સં. ૧૯૯૬ : મે :

## "ઓ માનવી! પૂછું તને, તેં જન્મી સાર્થક શું કર્યું ?"

હરિગીત

કાવ્યાધિ કહેવાયો ભલે, કર દાન કૈં દીધાં નહીં,
ભવસાગરે ભટકી રહ્યો, પ્રભુ નામ કૈં લીધાં નહીં;
પરમાર્થ કેરા પંથમાં, ડગલું ન દિલથી તેં ભર્યું,
પૂછું તને ઓ માનવી !, તેં જન્મી સાર્થક શું કર્યું ? ૧

અંધા–અપંગ–અનાથને, કૈં સાહ્યતાઓ ના કરી,
દિલ–દુઃખ હણવા દર્દીનાં, ધન ખર્ચ્યું ના ધર્મે જરી;
નિજ સ્વાર્થ કેવળ સાધીને, તેં પાપથી પેટ જ ભર્યું,
તારો હિસાબ તપાસી જો! તેં જન્મી સાર્થક શું કર્યું ? ૨

આયુષ્ય ચાલ્યું જાય છે, તેનો વિચાર કર્યો નહીં,
કરીયા કુછંદ અનેક, દિલમાં દેવથી ય ડર્યો નહીં;
યૌવન બધું જાતું રહ્યું, આવી જરા જોર જ હર્યું,
તું પાછું વાળી જો જરા, તેં જન્મી સાર્થક શું કર્યું ? ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળા મટ્યા છે કેશ, બેશ–હમેશ સંદેશો કહે,
અવસાનકેરું ભાન કર, મૃત્યુ સદા માથે વહે;
પૈસો મળ્યો–પદવી મળી, તો પણ અરે! દિલ ના ઠર્યું,
હિસાબ ગણી લે હાલ કે, આ જન્મ સાર્થક શું કર્યું ? ૪
દુઃખિયા હૃદયના જખ્મ પર, નહીં પ્રેમથી પાટા કર્યા,
ભાંગ્યા– તૂટ્યા– ભૂલેલનાં, આંતર–દુઃખો તેં ના હર્યા;
ઠરવાનું નિશ્ચળ ઠામ પ્રભુપદ, ધ્યાનમાં તેં ના ધર્યું,
નામું તપાસી જો અરે ! તેં જન્મી સાર્થક શું કર્યું ? ૫
આવી પકડશે કાળ, જેને મુહૂર્ત જોવાનું નથી,
નથી પોસ્ટ–કાગળ-તાર– એરોપ્લેન મિથ્યા કહું કથી;
સાથે જ થાશે એક જે, તેં પાપનું ગાડું ભર્યું,
કરી લે તું ચોખ્ખો ચોપડો એ સત્યવાચક ઉચ્ચરૂં. ૬
બાજી હજી છે હાથમાં, તું ચેતી લે ઝટ ચિત્તમાં,
તલ્લીન આટો જામ છો, મમતા ભરી છે વિત્તમાં;
છેલ્લી ઘડીએ શૂન્ય સર્વે, વાક્ય માની લે ખરું,
પસ્તાઈશ પૂરો કે અરેરે ! જન્મ સાર્થક ના કર્યું. ૭
લાખો–કરોડો વહી ગયા, વહી જાય, એવો તું જશે,
કૈં આત્મ સાધન ના કર્યું, એ દિલમાં દુઃખ સાલશે;
સદ્ધર્મ સેવ્યો તેહનું, ભવસાગરે વહાણ જ તરે,
પોકારી કહું છું સત્ય વાણી, છેલ્લી આ ઉરમાં ધરે. ૮

દોહરો

અરે ! મુસાફર માનવી, કરી લે કૈં શુભ કામ,
પરલોકે સુખ ને અહીં, નિશ્ચળ રહેશે નામ. ૧

લી૦ શુભાભિલાષી

**રેવાશંકર વાલજી બધેકા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્નેહ એ દુઃખનું મૂળ છે

લેખક: આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

**સ્નેહ**ની સાંકળથી સંકળાયલા જગતને સુખ ક્યાંથી હોઈ શકે ? સ્નેહ એટલે મારાપણાનું માન. આ માન સચેતન તથા અચેતનમાં પણ હોય છે. મારી માતા, મારો પિતા, મારી સ્ત્રી, મારો પુત્ર, મારો સ્નેહી-આ પ્રમાણે સચેતનમાં અને મારું ઘર, મારું ઘરેણું, મારું વસ્ત્ર, મારું ધન આદિ અચેતનમાં મમતા કરવી તે સ્નેહ કહેવાય છે. ફરક એટલો જ છે કે સચેતન વસ્તુમાં થએલી મમતા સ્નેહ–પ્રેમ તરીકે ઓળખાય છે, અને અચેતન વસ્તુની મમતા મોહ તરીકે ઓળખાય છે. સચેતન પ્રેમ બન્ને પક્ષમાં હોય છે અને એક પક્ષમાં પણ હોય છે. એક માણસ કોઈ બીજા માણસ અથવા પશુ ઉપર સ્નેહ કરે છે ત્યારે તેઓ તે સ્નેહ કરનાર ઉપર સ્નેહ રાખે છે, અથવા તો કોઈ કોઈ નથી પણ રાખતા; સ્નેહ રાખવાને બદલે ઊલટા હૃદયથી ધિક્કારે છે. અને અચેતન વસ્તુ તો મૂળથી જ નિર્જીવ હોવાથી રાગ રાખનાર ઉપર રાગ રાખી શકતી જ નથી.

એક બીજાને પ્રતિકૂળ વર્તન તથા વિચારવાળા બે સ્નેહીઓના જીવન ક્લેશ, બળતરા, ચિંતા તથા શોકથી નિરસ બનેલાં હોય છે. દાંભિક પ્રવૃત્તિથી દુઃખી હોય છે. એકને અણગમતું બીજો કરે અથવા તો અંતર રાખે તો ઘણો જ ખેદ થાય છે, કારણ કે સ્નેહી માણસ તીવ્ર મોહથી જકડાએલો હોવાથી દાંભિક સ્નેહીને છોડી શકતો નથી એટલે તેને દુઃખ ભોગવવું જ પડે છે.

સ્નેહની ઓછાશને લઇને અથવા તો કોઇ પણ પ્રકારના સ્વાર્થના અંગે કહેવાતો સ્નેહી બીજાની સાથે સાચો અથવા કૃત્રિમ સ્નેહ કરે છે, અને સ્નેહીને અણગમતી પ્રવૃત્તિ કરીને સ્નેહીથી છુપાવે છે કે જે બાબતની જાણ થતાં સ્નેહીને દુઃખી થવું પડે છે, અને તે નિરંતર શલ્યની જેમ સાલ્યા કરે છે.

બન્ને સ્નેહીઓમાં ગાઢ સ્નેહ હોય, એક બીજાને અંતઃકરણથી ચાહતા હોય, સ્નેહની માત્રા એક સરખી હોય, એક હૃદય હોવાથી લેશ મા ા પણ અંતર ન રાખતા હોય છતાં તેઓ પણ કોઈ દુઃખથી મુક્ત નથી. આવા સ્નેહીઓનો વિયોગ એક બીજાને ઘણું જ દુઃખ આપે છે; એકને થએલી આધિ–વ્યાધિ, આપત્તિ–વિપત્તિ બીજાને અત્યંત દુઃખ તથા શોક ઉત્પન્ન કરે છે; એક બીજાને સુખમય જીવન ગાળતા જોવાની આતુરતાવાળા હોવાથી નિરંતર ચિંતાવાળા રહે છે; કારણ પ્રસંગે બન્નેને જુદા રહેવાનો પ્રસંગ આવે તો બન્નેનાં દિલ અત્યંત દુભાય છે.

નિકટના સગાસંબંધીઓ સ્નેહથી જોડાય છે ત્યારે તો તેઓ ધાર્યા પ્રમાણે એક બીજાને મળી શકતા હોવાથી રોગ શોક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના પ્રસંગે નિરંતર નજીક રહેલા સ્નેહીઓ સ્નેહીની વેદના ન જોઈ શકવાથી હેરાન થાય છે. અને સગા તથા ન્યાતજાતના કોઇ પણ પ્રકારના સંબંધ વગરના સ્નેહીઓ તો કવચિત્ કદાચિત્ જ મળી શકે છે, અને ધાર્યા પ્રમાણે ન મળી શકતા હોવાથી નિરંતર દિલગીર રહ્યા કરે છે. કોઈક વખત રોગ શોકાદિનું કારણ બની આવે ત્યારે પણ ઈચ્છા પ્રમાણે ન મળી શકવાથી ઘણા જ ખેદવાળા રહે છે.

સંસારમાં સ્વાર્થી, મૂર્ખ તથા બનાવટી સ્નેહીની માત્રા અધિકતર જોવામાં આવે છે કે જે નિઃસંશય સંસારને દુઃખનું જ કારણ છે. પોતપોતાના ભિન્ન ભિન્ન સ્વાર્થોને લક્ષ્યમાં રાખીને મમત્વભાવ બતાવનારા સ્વાર્થ ન સધાવાથી અથવા તો સ્વાર્થ પૂરો થવાથી આપત્તિ–વિપત્તિમાં પડેલા સ્નેહીની ઓળખાણ પણ રાખતા નથી. જેથી કરીને સાચા સ્નેહી તરીકે ઓળખનારના ચિત્તમાં પુષ્કળ કલેશ થાય છે; કારણ કે જીવનમાં કડવા યા મીઠા પ્રસંગે ભાગ પડાવવાની આશાથી જ એક બીજાની સાથે મોહ–મમતાથી વર્તવામાં આવે છે. પરંતુ માયાળુપણું બતાવવાના પ્રસંગે અતડા પડી જાય છે ત્યારે નિરાશાની સાથે દિલગીરી ભોગવવી જ પડે છે.

વસ્તુસ્થિતિને ન સમજનારા મૂર્ખ સ્નેહીઓના જીવનમાં કલેશ કે પરિતાપ સિવાય શાંતિ કે સુખ જેવું કાંઈ પણ હોતું નથી. ભવિષ્યના પરિણામથી અનભિજ્ઞ મૂર્ખ સ્નેહીના કદાગ્રહથી કોઈ પણ પ્રવૃત્તિમાં ઉતરનાર ડાહ્યા સ્નેહીને ઘણું જ શોષવું પડે છે. સ્નેહીની પરિસ્થિતિ સમજ્યા સિવાય મનગમતી વસ્તુ મેળવવાના આગ્રહથી સ્નેહીને કફોડી સ્થિતિમાં લાવી મૂકે છે, જેથી કરીને જીવન પર્યંત કલેશના ભાગી થવું પડે છે.

મૂર્ખ સ્નેહીમાં ડહાપણનો અંશ પણ ન હોવાથી મૂર્ખાઇભર્યાં કાર્યો કરીને પોતાની જાતને ખુવાર કરી નાખે છે, શારીરિક તથા માનસિક ઉપાધિઓથી પોતાના જીવનને બરબાદ કરી નાખે છે, જેની અસરથી સ્નેહીને અનહદ દુઃખ થાય છે.

સ્નેહનો ડોળ કરનારા બનાવટી સ્નેહીઓના અંતઃકરણ સ્નેહભીનાં ન હોવાથી સ્નેહી માનનારને શાંતિ આપી શકતા નથી. એવા બનાવટી સ્નેહીઓ ઉપર વિશ્વાસ રાખી શકાતો નથી, છતાં સરળ સ્નેહી વિશ્વાસ રાખે તો તેને છેવટે પશ્ચાત્તાપ કરવો પડે છે. બનાવટ વધુ વખત ટકી શકતી નથી. અંતમાં બનાવટનો રંગ ઊડી જાય છે અને સ્નેહીને હતાશ થવું પડે છે.

એકનિષ્ઠ સાચો સ્નેહ કરનારા સંસારમાં બહુ જ ઓછા હોય છે. આવા સાચા સ્નેહીઓ સ્નેહભીના હૃદયવાળા, એકનિષ્ઠ સ્નેહવાળા, વિશ્વાસનું પૂર્ણ પાત્ર, અને સરળ તથા અભિન્ન હૃદયથી ચાહવાવાળા હોવાથી તેમને કલ્યાણ, સુખી જીવન, અભ્યુદય, સદ્વર્તન આદિ ઇચ્છાઓથી હમેશાં ચિંતિત રહેવું પડે છે અને વિયોગથી ભયભીત રહેવું પડે છે. એકનિષ્ઠા વગરના અસ્થિર સ્નેહવાળા સ્નેહીઓ ચંચળ વૃત્તિવાળા હોવાથી એક છોડી બીજે અને બીજે છોડી ત્રીજે સ્થળે સ્નેહની જોડતોડ કરવાથી સ્નેહીને અત્યંત દુઃખ આપવાવાળા થાય છે. જ્યાં એકનિષ્ઠા નથી હોતી ત્યાં સ્નેહની માત્રા પણ ઘણી ઓછી હોય છે, અને તે સ્નેહીની લાગણીઓને અત્યંત દુભાવવાવાળી હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે મનુષ્ય જાતિનો પરસ્પર સ્નેહ, તે પછી એકપક્ષી હોય કે ઉભયપક્ષી હોય, સાચો હોય કે બનાવટી હોય, એકનિષ્ઠ હોય કે અનેકનિષ્ઠ હોય, એકંદરે બધા ય પ્રકારનો સ્નેહ દુઃખદાયી જ છે; માટે સુખ મેળવવાની ઇચ્છાવાળા મનુષ્યોએ તો સ્નેહ કરતાં પહેલાં પરિણામને સારી રીતે વિચારી લેવું જોઇએ.

સંસારમાં માણસો, માતા, પિતા, સ્ત્રી, પુત્ર, ભાઇ, બેન આદિના સંબંધથી જોડાએલા હોવાથી અમુક પ્રકારના વ્યવહારના અંગે તેમની સેવા કરવી, સહાનુભૂતિ બતાવવી, તેમના સુખદુઃખમાં ભાગ લેવો ઇત્યાદિ બાબતોમાં પોતાની ફરજ બજાવતાં પ્રેમ કે રાગને સ્થાન આપવું પડે છે અને તે પણ પરિણામે દુઃખદાયી નિવડે છે; છતાં સંસારના બંધનોમાંથી ન છૂટનારને ફરજીઆતપણે તે ભોગવવું પડે છે. જેમને આ દુઃખ અસહ્ય થઇ પડે છે તેઓ તો સંસારના બંધનોમાંથી મુક્ત થઈ જાય છે.

ગુણાનુરાગ પણ એક પ્રકારનો રાગ છે અને તે પણ દુઃખના પરિણામવાળો છે, છતાં કાંઇક આત્મકલ્યાણ કરવાવાળો હોવાથી તે ગ્રાહ્ય છે. વિકાસી મહાપુરુષોના આત્મિક ગુણોનો અનુરાગ તો પરિણામે દુઃખદ હોવા છતાં પણ આત્મિક ગુણો પ્રકટ કરવામાં અદ્વિતીય સહાયક છે માટે ગ્રાહ્ય જ છે. અને પરોપકાર, સજ્જનતા આદિ ગુણોનો અનુરાગ પણ કાંઇક સ્વાર્થગર્ભિત તથા દુઃખદ હોવા છતાં પણ માણસોમાં અવગુણોને પ્રવેશ કરતાં અટકાવે છે, માટે તે પણ કેટલેક અંશે ગ્રાહ્ય છે.

ધન, હાટ, હવેલી, વસ્ત્ર, ઘરેણાં આદિ અચેતન વસ્તુઓનો મોહ માણસોને નિરંતર દુઃખદાયી નિવડે છે, કારણ કે જડ વસ્તુઓ ક્ષણિક હોય છે અને તે ક્ષણે ક્ષણે બદલાતી રહે છે; માટે આવી વસ્તુઓનો મોહ તો દરેક ક્ષણે દુઃખ ઉત્પન્ન કરે છે. માણસો સુખના હેતુથી જડ વસ્તુઓ ઉપર મમતા રાખે છે પરંતુ તે જડ વસ્તુઓ સડી જવું, પડી જવું, બદલાઈ જવું આદિ પોતાના સ્વભાવ પ્રમાણે વર્તતી હોવાથી સુખના બદલે દુઃખ જ આપે છે; માટે જડ વસ્તુઓ ઉપરનો મોહ દુઃખદાયી હોવાથી સર્વથા ત્યાજ્ય છે.

આ પ્રમાણે વિચાર કરતાં સચેતન હો કે અચેતન હો, સંસારમાં કોઈ પણ વસ્તુ ઉપર કરેલો રાગ, મોહ, પ્રેમ કે સ્નેહ એકંદરે દુઃખદાયી હોવાથી આત્માર્થી વિકાસી પુરુષોએ ત્યાગવો જોઇએ. જે પુરુષોએ સ્નેહને છોડ્યો છે તેઓ જ સાચા સુખના ભાગી બન્યા છે; બાકી તો આખું ય જગત સ્નેહને લઇને દુઃખી થઈ રહ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શ્રુતજ્ઞાન

લેખક—શાસનપ્રભાવક શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી પ્રશિષ્ય
પં. શ્રી ધર્મવિજયજી ગણિ

( ગતાંક પૃષ્ઠ ૨૪૮ થી ચાલુ )

**[ અવાન્તર સમ્યગ્દર્શન સ્વરૂપ ]**

**ક્ષાયિક સમ્યક્ત્વ:**—ઔપશમિક તથા ક્ષાયોપશમિક સમ્યક્ત્વનું સ્વરૂપ જણાવ્યા બાદ હવે ક્ષાયિક સમ્યક્ત્વનું સ્વરૂપ જણાવવામાં આવે છે. 'क्षयेण=दर्शनसप्तकस्य आत्यन्तिकक्षयेण निर्वृत्तं क्षायिकम् ।' દર્શન-સપ્તકના આત્યન્તિક–સર્વક્ષયથી જે ગુણ ઉત્પન્ન થાય છે તે 'ક્ષાયિક સમ્યક્ત્વ' કહેવાય છે. આ સમ્યક્ત્વ બધા ય સમ્યક્ત્વના પ્રકારોમાં સર્વશિરોમણિ છે. પરભવનું આયુષ્ય બંધાયા પહેલાં આત્માને જો આ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તો અન્તર્મુહૂર્તમાં કેવલજ્ઞાન અને તે જ ભવમાં મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.

આ સમ્યક્ત્વને પ્રાપ્ત કરવાની શરૂઆત કરનાર વજ્રર્ષભનારાચ સંઘયણવાળો મનુષ્ય જ હોવો જોઇએ એટલું જ નહિ પરંતુ તે મનુષ્ય જિનકાલિક એટલે કે આ અવસર્પિણીની અપેક્ષાએ ઋષભદેવસ્વામીના વિચરણ કાળથી પ્રારંભી શ્રી જંબૂસ્વામીજીના કેવલજ્ઞાનની ઉત્પત્તિ પર્યંત કાળમાં જન્મેલો હોવો જોઇએ. ભગવાન્ શ્રી ઋષભદેવસ્વામીના વિચરણ કાળ પહેલાંના અને જંબૂસ્વામીજીને કેવલોત્પત્તિ થયા પછીના જન્મેલા મનુષ્યોને ભરતાદિ દશ ક્ષેત્રોમાં અવસર્પિણી કાળની અપેક્ષાએ આ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો અધિકાર જ નથી. કેટલાક અજ્ઞાનીઓ આજે પણ અમુક વ્યક્તિઓ માટે ક્ષાયિક સમ્યક્ત્વની ઉત્પત્તિ થઇ શકવાનું નિરૂપણ કરે છે, પરંતુ તેવાઓ દૃષ્ટિરાગાન્ધપણું છોડી પૂર્વાચાર્યોના 'जिणकालगो मणुस्सो पट्ठवगो अट्ठवासुप्पिं' ઇત્યાદિ વચનો જો વાંચે અને વિચારે તો 'વર્તમાન કાળમાં ક્ષાયિક સમ્યક્ત્વની ઉત્પત્તિ ન હોઇ શકે' તે વસ્તુ બરાબર જણાઇ આવશે.

ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે દર્શનસપ્તકનો જે ક્ષય કરવામાં આવે છે તેમાં સર્વથી પ્રથમ ચોથા, પાંચમા, છઠ્ઠા કે સાતમા એ ચાર ગુણસ્થાનકમાંથી કોઇ પણ ગુણસ્થાનકમાં વર્ત્તતો આત્મા અનંતાનુબંધી કષાયચતુષ્કનો ક્ષય કરે છે અને ત્યારબાદ મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય તથા સમ્યક્ત્વમોહનીયનો ક્ષય કરે છે. આ પ્રકૃતિઓનો ક્ષય કરવા માટે યથાપ્રવૃત્ત, અપૂર્વ તેમ જ અનિવૃત્તિ નામના કરણો પણ આત્માને કરવા જ પડે છે. એ કરણોનું સ્વરૂપ પ્રથમ જે પ્રમાણે બતાવવામાં આવ્યું છે લગભગ તેના સરખું જ હોય છે. ફક્ત ગુણસંક્રમ—સર્વસંક્રમ—ઉદ્વલનાસંક્રમ–અપવર્ત્તનાસંક્રમાદિ અમુક અમુક વિશિષ્ટ ક્રિયાઓ અમુક અમુક સ્થાને થાય છે તે પંચસંગ્રહ, કર્મપ્રકૃત્યાદિ ગ્રંથોદ્વારા જાણવું વિશેષ ઉચિત છે. વિસ્તાર થવાના ભયથી અમોએ તે ક્રમ અહીં બતાવ્યો નથી.

અનન્તાનુબંધી ચતુષ્કનો ક્ષય થયા બાદ મિથ્યાત્વાદિ દર્શનત્રિકનો ક્ષય કરવા માટે અધ્યવસાયોની જે વિશુદ્ધ સંતતિ આવવી જોઇએ તે ન આવતાં ઉપરત અથવા પતિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિણામવાળો જો આત્મા થાય તો અનન્તાનુબંધીનો સર્વથા ક્ષય થવા છતાં મિથ્યાત્વે જઇ મિથ્યાત્વોદય નિમિત્તે પુનઃ અનન્તાનુબંધીનો બંધ થાય છે અને પુનઃ લાંબા કાળ (અપાર્ધ પુદ્ગલપરાવર્ત્તન) સુધી સંસારચક્રમાં રખડપટ્ટી શરૂ થાય છે, કારણ કે અનન્તાનુબંધીનું બીજ મિથ્યાત્વ છે. અનન્તાનુબંધીનો ક્ષય થાય પણ તેના બીજભૂત મિથ્યાત્વનો ક્ષય જો ન થાય તો હજુ મોક્ષ પ્રાપ્ત કરવામાં તે આત્માને વિલંબ થાય છે.

અનન્તાનુબંધીનો ક્ષય થયા બાદ મિથ્યાત્વ તથા મિશ્રનો ક્ષય કરવાનો પ્રારંભ એક સાથે શરૂ થાય છે. યદ્યપિ અનન્તાનુબંધીના ક્ષય પ્રસંગે ગુણસંક્રમાદિ હેતુઓ વડે તે બન્નેની સ્થિતિ વિગેરેનો ક્ષય કરવાનું અમુક રીતિએ ગૌણપણે ચાલુ જ હતું તો પણ હવે તો તે બન્નેનો ક્ષય કરવા માટે જ આત્માનો મુખ્ય પ્રયત્ન હોય છે. તેમાં પ્રથમ મિથ્યાત્વના ક્ષયનું કાર્ય થાય છે અને ત્યારબાદ અમુક વખત (અન્તર્મુહૂર્ત્ત) બાદ મિશ્રના ક્ષયનું કાર્ય પૂર્ણતાને પામે છે. જ્યારે મિશ્રમોહનીય ફક્ત એક છેલ્લી ઉદયાવલિકા જેટલું બાકી રહે છે, તે અવસરે સમ્યક્ત્વ મોહનીયની સ્થિતિ માત્ર આઠ વર્ષ જેટલી બાકી હોય છે અને તે અવસરે તેટલી સમકિતમોહનીયની સ્થિતિ બાકી હોવા છતાં પણ મિથ્યાત્વ–મિશ્રરૂપ સર્વ વિઘ્નો દૂર થઇ ગયેલા હોવાથી નિશ્ચયનયની અપેક્ષાએ શાસ્ત્રકાર ભગવંતો તે વખતે તેને '**દર્શનમોહનીયક્ષપક**' તરીકે ઓળખાવે છે.

ઉપર જણાવ્યા મુજબ સમકિતમોહનીયની અષ્ટ વર્ષ પ્રમાણ જે સ્થિતિ બાકી રહેલ છે તેનો પણ હવે આ આત્મા ક્ષય કરવાનો પ્રારંભ કરે છે, એટલે કે બાકી રહેલ સ્થિતિમાં અમુક પ્રમાણ સ્થિતિખંડો પાડી એક પછી એક સ્થિતિખંડો ઉદ્વલવાના ક્રમે ઉકેરવા માંડે છે અને તેમ કરતા કરતા ફક્ત હવે એક જ અન્ત્ય સ્થિતિખંડ કે જે ઉપાન્ત્ય સ્થિતિખંડ કરતાં સંખ્યાતગુણો મોટો છે તે ઉકેરવાનો બાકી રહેલો છે. તે પણ ઉકેરાઇ જાય એટલે આ આત્મા **ક્ષપકકૃતકરણ** કહેવાય છે, પરંતુ તે છેલ્લા ખંડને ઉકેરવારૂપ કૃતકરણાદ્ધામાં વર્તતા આત્માનું જો દૈવયોગે આયુષ્ય પૂર્ણ થવાનો પ્રસંગ આવે તો આ ક્ષાયિક પ્રાપ્તિનો ક્રમ શરૂ કરવા અગાઉ ચાર ગતિ પૈકી જે ગતિનું પોતે આયુષ્ય બાંધ્યું હોય તે ગતિમાં તે આત્મા જાય છે, અને સમ્યક્ત્વ મોહનીયના છેલ્લા ખંડના જે યત્કિંચિત્ દલિકો ઉકેરવાના બાકી રહેલા છે તે ત્યાં જઇને પણ ઉકેરી નાખે છે. કદાચ શંકા થાય કે–નરકાદિ ચાર ગતિ પૈકી દેવગતિમાં આત્માને જવું હોય તો તો આગળ જણાવશે તે પ્રમાણે વિશુદ્ધ અધ્યવસાયો હોય, પરંતુ બાકીની ત્રણ ગતિમાં જનાર આત્માને તે તે ગતિને અનુસારે વિશુદ્ધ અધ્યવસાયોની સંતતિ હોવાનો સંભવ નથી અને એ પ્રમાણે એ વિશુદ્ધ સંતતિ ન હોય તો તે તે ગતિમાં ગયા બાદ વિશુદ્ધ સંતતિના અભાવે બાકી રહેલા સમકિતમોહના દલિકોનો ક્ષય શી રીતે કરી શકે? આ શંકાના સમાધાનમાં સમજવું જોઇએ કે–આયુષ્ય પૂર્ણ થવાને અંગે અને તે તે ગતિનું આયુષ્ય બાંધેલું હોઇ ભલે તે તે ગતિમાં તે આત્મા જાય તેમ જ વિશુદ્ધ અધ્યવસાયની સંતતિ ભલે ન હોય તો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા ભવમાં ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ માટેનો એટલો બધો તે આત્માનો તીવ્ર પ્રયત્ન છે અને તેને અંગે આત્માને એટલો બધો સંસ્કારી બનાવી દીધો છે કે ગત્યન્તરમાં જવારૂપ વિઘ્ન આવ્યું છે તો પણ પૂર્વ પ્રયત્ન અને પૂર્વ સંસ્કારના પ્રાબલ્યથી સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય કરવાની તેની ક્રિયા કુંભારના ચક્રની માફક લેશ પણ અટકી શકતી નથી.

આ અપેક્ષાએ જ ક્ષાયિક સમ્યક્ત્વનો પ્રસ્થાપક (પ્રારંભક) મનુષ્ય જ હોય અને નિષ્ઠાપક (સમાપ્તિ કરનાર) ચારે ગતિવાળા હોઇ શકે છે, જે માટે કહ્યું છે કે–

"**पट्ठवगो उ मणुस्सो, निठवगो चउसु विगइसु**"

(ભાવાર્થ સ્પષ્ટ છે)

જે આત્માઓએ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા પહેલાં પરભવનું આયુષ્ય બાંધેલું છે તેવા આત્માઓના ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ બાદ ત્રણ વિભાગો પડે છે. ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થયા બાદ અપ્રતિપતિત પરિણામની ધારા હોય અને આયુષ્ય પૂર્ણ થાય તો અવશ્ય દેવલોકમાં જ ઉત્પત્તિ થાય, એ પ્રથમ વિભાગ; જે પ્રતિપતિત પરિણામની ધારાવાળા થાય તે ચાર ગતિ પૈકી ગમે તે ગતિમાં યથાસંભવ જઇ શકે, એ બીજો વિભાગ અને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થયા બાદ જેઓનું ચાલુ આયુષ્ય હજુ બાકી હોવાથી કાલધર્મ ન પામે તે અવશ્ય ત્યાં અટકી જાય (અર્થાત્ ચારિત્રમોહના ક્ષય માટે કરવામાં આવતી ક્ષપકશ્રેણિ ન કરી શકે, ચારિત્રપ્રતિપત્તિ, ઉપશમશ્રેણિ ઇત્યાદિ કરી શકે.) જે માટે કહ્યું છે કે–

"**तंमि मओ जाइ दिवं, तप्परिणामो उ सत्तए खीणे।
उवरयपरिणामो पुण, पच्छा नाणामइगइओ ॥१॥**
"**बद्धाउ पडिवन्नो नियमा खीणम्मि सत्तए ठाइ**"

(ભાવાર્થ ઉપર કહેવાઇ ગયો છે)

પરભવનું આયુષ્ય બંધાયું ન હોય અને આત્માને જો ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તો તો અપ્રતિપતિત પરિણામવાળો તે આત્મા જરા પણ અટકયા સિવાય તુરતજ ક્ષપકશ્રેણિ ઉપર આરોહણ કરે, અન્તર્મુહૂર્તમાં કેવલજ્ઞાન પામે અને તે જ ભવમાં સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષપદ પ્રાપ્ત કરે; પરંતુ જેઓએ શ્રેણિક મહારાજા તથા કૃષ્ણ વાસુદેવાદિની માફક ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરવા પહેલાં જ પરભવનું આયુષ્ય બાંધેલું હોય તેવા આત્માઓ ત્રીજા ભવે અથવા ચોથા ભવે મુક્તિપદ પ્રાપ્ત કરે છે. જે ભવમાં ક્ષાયિક સમકિત પ્રાપ્ત થાય તે એક ભવ, દેવ અથવા નરકનું આયુષ્ય બંધાયું હોય તો તે બીજો ભવ, અને ત્યાંથી નીકળી મનુષ્યના ભવમાં આવી કર્મક્ષય કરી મોક્ષે જાય તે ત્રીજો ભવ. એ રીતે ત્રણ ભવની ગણતરી સમજવી. ચાર ભવની ગણતરી આ પ્રમાણે–જે ભવમાં ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ થઇ તે એક ભવ, અસંખ્ય વર્ષનું મનુષ્ય–તિર્યંચ(યુગલિક)નું આયુષ્ય બાંધ્યું હોય તો તે બીજો ભવ, યુગલિક કાળધર્મ પામીને અવશ્ય દેવલોકમાં જ જાય એથી દેવનો ત્રીજો ભવ અને દેવભવમાંથી ચ્યવી મનુષ્યપણું પામી મોક્ષે જાય તે ચોથો ભવ. એ પ્રમાણે ચાર ભવ સમજવા.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધસેન દિવાકર—

મૂળ લેખકઃ—પં. રતનલાલ સંઘવી, ન્યાયતીર્થ–વિશારદ

## પ્રાક્કથન—

**આ**ચાર્ય સિદ્ધસેન દિવાકર અને સ્વામી સમંતભદ્ર, એ બન્ને જૈન ધર્મ અને જૈન સાહિત્યના મહાન્ પ્રભાવક મહાત્મા અને ઉચ્ચ કોટિના ગંભીર વિદ્વાન્ આચાર્ય થઇ ગયા છે. તેમના સાહિત્યનો અને રચના–શૈલીનો જૈન સાહિત્ય પર એવં પશ્ચાત્વર્તી સાહિત્યકાર આચાર્યો પર મહાન્ અને અમીટ પ્રભાવ પડ્યો છે. વૈદિક સાહિત્યમા કુમરિલ ભટ્ટ, શંકરાચાર્ય અને ઉદયનાચાર્ય એવં વાચસ્પતિ મિશ્રનું જે સ્થાન છે પ્રાયઃ એવુ જ સ્થાન અને તેમની જેવા જ આ બેઉ આચાર્યોને જૈન સાહિત્યની દૃષ્ટિએ સમજવા જોઇએ. જૈન ન્યાય સાહિત્યના બેઉ આદિ સ્રોત છે. તેમના પ્રાદુર્ભાવની પૂર્વેના જૈન ન્યાયનો એક પણ ગ્રંથ ઉપલબ્ધ ન હતો તેથી ભગવાન મહાવીરસ્વામીના સૂક્ષ્મ અને ગહન સિદ્ધાંતોના એ પ્રચારક, પ્રતિષ્ઠાપક અને સંરક્ષક માનવામાં આવે છે તથા કહેવાય છે.

સ્વામી સમંતભદ્ર દિગંબર સંપ્રદાયમાં થયા છે અને સિદ્ધસેન દિવાકર શ્વેતાંબર સંપ્રદાયમાં. યદ્યપિ કોઇ કોઇ વિદ્વાનોની ધારણા છે કે સિદ્ધસેન દિવાકર પણ દિગંબર સંપ્રદાયમાં જ થયા છે, કિંતુ અધિકાંશ વિદ્વાન્ તેમના સાહિત્યના ગંભીર વિશ્લેષણના આધારે એ નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે તે શ્વેતાંબરીય આચાર્ય જ છે. આમ છતાં એ સત્ય છે કે સિદ્ધસેન દિવાકર બેઉ સંપ્રદાયોમાં અત્યંત પૂજ્ય દૃષ્ટિએ જોવાય છે. હરિવંશ પુરાણના કર્તા શ્રી જિનસેન અને આદિ પુરાણના રચયિતા આચાર્ય જિનસેન એવં પદ્મપ્રભ, શિવકોટિ અને કલ્યાણકીર્તિ આદિ દિગંબર આચાર્ય તેમનું ગૌરવપૂર્ણ રીતે સ્મરણ કરે છે. ભટ્ટ અકલંકદેવ તો તેમના વચનોને પોતાના અમર ગ્રંથોમાં પ્રમાણરૂપે ઉધ્ધૃત કરી દેખાડે છે.

બેઉ આચાર્યોના જીવન, સાહિત્ય અને કાર્યશૈલીમાં અદ્ભુત સમાનતા પ્રતીત થાય છે. બેઉને સ્તુતિકાર અને આદ્ય ન્યાયાચાર્ય માનવામાં આવે છે. આ લેખનો વિષય સિદ્ધસેન દિવાકર છે. આથી પાઠકોને સ્વામી સમંતભદ્રના વિષયમાં પંડિત જુગલકિશોરજી મુખ્તાર, સંપાદક 'અનેકાંત' દ્વારા 'સ્વામી સમંતભદ્ર' નામક પુસ્તકને અથવા માણિકચંદ્ર ગ્રંથમાલા પ્રકાશિત રત્નકરંડ શ્રાવકાચારની પ્રસ્તાવનાના સમંતભદ્ર–વિષયક અંશને જોવાનો અનુરોધ કરી મૂળ વિષય પર આવું છું.

## સાહિત્યસેવા—

સિદ્ધસેન નામના અનેક આચાર્ય જૈન સમાજમાં થઇ ગયા છે, કિંતુ અહિંયા વૃદ્ધવાદિ આચાર્યના શિષ્ય અને શ્વેતાંબરીય જૈન ન્યાયના આદિ પ્રતિષ્ઠાપક, મહાકવિ, અજેય વાદી, ગંભીર વાગ્મી અને દિવાકર પદવીથી વિભૂષિત 'સિદ્ધસેન'થી જ તાત્પર્ય છે. તે પોતાના સમયમાં 'યુગપ્રધાન–યુગનિર્માતા' આચાર્ય હતા. તેમના સમય સંબંધમાં વિદ્વાનોમાં મતભેદ છે, પણ માનવામાં આવે છે કે તે વિક્રમની ત્રીજી–ચોથી–પાંચમી શતાબ્દિની વચમાં થયા હોવા જોઇએ. સાહિત્ય ક્ષેત્રમાં તેઓ ખરેખર દીવાદાંડી(Light-house)ની સમાન જ છે.

જૈન ન્યાયના સ્વરૂપની જે મર્યાદા તેઓએ સ્થાપિત કરી અને જે ન્યાય પારિભાષિક શબ્દોની પરિભાષા સ્થિર કરી તેના આધાર પરથી–તે શૈલીનું અનુકરણ કરતાં–પશ્ચાત્વર્તી બધા શ્વેતાંબરીય આચાર્યોએ અર્થાત્ હરિભદ્રસૂરિ, મલ્લવાદી, સિંહક્ષમાક્ષમણ, તર્કપંચાનન અભયદેવસૂરિ, વાદી દેવસૂરિ, આચાર્ય હેમચંદ્ર અને ઉપાધ્યાય યશોવિજય આદિ પ્રૌઢ એવં વાગ્મી જૈન નૈયાયિકોએ ઉચ્ચ કોટિના જૈન ન્યાય–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથોનું નિર્માણ કરીને જૈનદર્શનરૂપ દુર્ગને એવો અજેય બનાવ્યો છે કે તેને અન્ય દાર્શનિકરૂપ પ્રબલ આક્રાંતાઓદ્વારા ભીષણ આક્રમણ અને પ્રચંડ પ્રહાર કરવાથી પણ આ જૈન દર્શનરૂપી દુર્ગને જરા પણ હાનિ નથી પહોંચી શકી.

આચાર્ય સિદ્ધસેન દિવાકરે પ્રમાણવાદના પ્રસ્ફુટન માટે '**ન્યાયાવતાર**'ની અને અનેકાંતવાદ એવં નયવાદના વિશદીકરણ માટે '**સમ્મતિ તર્ક**' ની રચના કરી. ન્યાયવતારમાં કેવળ ૩૨ શ્લોક છે; જે 'અનુષ્ટુપ્' છંદમાં સુગુંફિત છે. આ શ્વેતાંબર જૈન ન્યાયનો આદિ ગ્રંથ માનવામાં આવે છે. તેમાં પ્રમાણ, પ્રમેય, પ્રમાતા, પ્રમિતિ, પ્રત્યક્ષ, પરોક્ષ, અનુમાન, શબ્દ, પક્ષ, હેતુ, દૃષ્ટાંત, દૂષણ આદિ એવં તે સંબંધી તદાભાસ, તથા નય અને સ્યાદ્વાદનો સંબંધ આદિ વિષયો પર જૈન મતાનુકૂલ પદ્ધતિએ, દાર્શનિક, સંઘર્ષનું ધ્યાન રાખીને જે વિવેચના કરવામાં આવી છે, અને જૈન ન્યાયરૂપ ગંભીર સમુદ્રની જે મર્યાદા અને પરિધિ સ્થાપિત કરવામાં આવી છે, તેનું ઉલ્લંઘન કરવાને આજદિન સુધી કોઇપણ જૈન નૈયાયિક સાહસ નથી કરી શકયા. યદ્યપિ પાછળના વિદ્વાન્ જૈન નૈયાયિકોએ પોતાના અમર ગ્રંથોમાં ઇતર દર્શનોના સિદ્ધાંતનું ન્યાય શૈલીએ વિશ્લેષણ કરીને સુંદર અને સ્તુત્ય બૌધિક-વ્યાયામનું પ્રદર્શન કર્યું છે; કિંતુ એ સર્વ આચાર્ય સિદ્ધસેન દિવાકર દ્વારા બતાવેલ માર્ગનું અવલંબન કરીને જ કરવામાં આવ્યું છે.

'સમ્મતિ તર્ક' તેમની પ્રાકૃત-કૃતિ છે. એ પણ પદ્ય ગ્રંથ છે. તેનો પ્રત્યેક છંદ (ગાથા) આર્યા છે, અને તે ત્રણ કાંડોમાં વિભાજિત છે. પ્રાચીન કાલથી અઢારમી શતાબ્દિ સુધી ઉપલબ્ધ બધા પદ્યમય પ્રાકૃત ગ્રંથ પ્રાયઃ આ 'આર્યા' છંદમાં રચેલા જોવામાં આવે છે. યદ્યપિ કોઇ ગ્રંથ અનુષ્ટુપ્ અને ઉપજાતિ છંદમાં પણ મળે છે, કિંતુ પ્રાકૃત પદ્ય-સાહિત્યનો અધિકાંશ ભાગ 'આર્યા' માં જ ઉપલબ્ધ છે.

સમ્મતિ-તર્કના ત્રણે કાંડોમાં ક્રમશઃ ૫૪, ૪૩ અને ૬૯ ના હિસાબે કુલ ૧૬૬ ગાથાઓ છે. પ્રથમ કાંડમાં નય, વ્યંજનપર્યાય, અર્થપર્યાય, નયનું સમ્યક્ત્વ અને મિથ્યાત્વ જીવ અને પુદ્ગલના કથંચિત ભેદાભેદ, નયભેદોની ભિન્નતા અભિન્નતા આદિ વિષયો પર વિવેચન કરવામાં આવ્યું છે. બીજા કાંડમાં દર્શન અને જ્ઞાન ઉપર ઊહાપોહ કરવામાં આવ્યો છે, તેમાં આગમોક્ત ક્રમવાદ, સહવાદ અને અભેદવાદની ગંભીર એવં યુક્તિયુક્ત મિમાંસા છે. અંતમાં પ્રબલ પ્રમાણોના આધારે 'કેવળજ્ઞાન અને કેવલદર્શન એક જ ઉપયોગરૂપ છે' આ અભેદવાદને જ તર્કસંગત અને પ્રામાણિક સિદ્ધ કર્યો છે. ત્રીજા કાંડમાં સામાન્ય, વિશેષ, દ્રવ્ય, ગુણ, એક જ વસ્તુમાં અસ્તિત્વ આદિની સિદ્ધિ, અનેકાંતની વ્યાપકતા, ઉત્પત્તિ, નાશ, સ્થિતિ ચર્ચા, આત્માના વિષયમાં નાસ્તિત્વ આદિ ૬ નયોનું મિથ્યાત્વ અને અસ્તિત્વ આદિ ૬ પક્ષોનું સમ્યક્ત્વ, પ્રમેયમાં અનેકાંતદૃષ્ટિ આદિ આદિ ગૂઢ દાર્શનિક વાતો પર સુંદર પ્રશસ્ત અને સ્વતંત્ર વિવેચન કરવામાં આવ્યું છે.

**અન્ય ગ્રંથ–**

કહેવામાં આવે કે તેમણે બત્રીશ દ્વાત્રિંશિકાઓની પણ રચના કરી હતી. કિંતુ વર્તમાનમાં કેવળ ૨૨ દ્વાત્રિંશિકા (બત્રીશી)જ મળી આવે છે, જેની પદ્યસંખ્યા ૭૦૪ને બદલે ૬૯૫ જ છે. આ બત્રીશી પર દૃષ્ટિપાત કરવાથી જણાઇ આવે છે કે સિદ્ધસેન-યુગ એક વાદવિવાદમય સંઘર્ષયુગ હતો. પ્રત્યેક સંપ્રદાયના વિદ્વાન્ પોતપોતાના મતની પુષ્ટિ માટે ન્યાય-શૈલીનું જ અનુકરણ કર્યા કરતા હતા. સિદ્ધસેન-યુગ સુધી ભારતીય બધા દર્શનોના ન્યાયગ્રંથોનું નિર્માણ થઇ ચૂકયું હતું. બૌદ્ધ ન્યાય-સાહિત્ય અને વૈદિક ન્યાય-સાહિત્ય બરાબર વિકાસને પ્રાપ્ત થઇ ચૂકયું હતું.

તત્કાલીન પરિસ્થિતિ બતાવે છે કે તે સમયમાં ન્યાય, પ્રમાણ, ચર્ચા અને મુખ્યતઃ પરાર્થાનુમાન ચર્ચા ઉપર વિશેષ વાદવિવાદ થતો હતો. સંસ્કૃત ભાષામાં, ગદ્ય તથા પદ્યમાં સ્વપક્ષમંડન અને પરપક્ષખંડનની રચનાઓ જ તે સમયની વિદ્વત્તાનું પ્રદર્શન હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધસેન દિવાકર જાતે બ્રાહ્મણ હતા. આથી ઉપનિષદો અને વૈદિક ગ્રંથોનું તેમને મૌલિક અને ગંભીર જ્ઞાન હતું, જે તેમની રચેલી પ્રત્યેક દર્શનની બત્રીશીદ્વારા માલૂમ પડે છે. બુદ્ધ અને જૈન સાહિત્યનું પણ તેઓએ તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. અને પ્રાકૃત ભાષા પર પણ તેમનો સંપૂર્ણ કાબૂ હતો, એમ માલૂમ પડે છે.

સિદ્ધસેન દિવાકર જૈન સમાજમાં **'સ્તુતિકાર'**ના રૂપે વિખ્યાત છે. તેનું કારણ એ છે કે તેમની ઉપલબ્ધ બત્રીશીઓમાંની ૭ બત્રીશી સ્તુત્યાત્મક છે. આ સ્તુતિસ્વરૂપ બત્રીશીઓમાં તેઓ ભગવાન મહાવીરસ્વામીના ભક્તિવર્ણનને બહાને તેમના તત્વજ્ઞાનની અને ચરિત્રની ગંભીર તથા ઉચ્ચ કોટીની મિમાંસા કરતા તેઓ જણાય છે. વળી એ પણ માલૂમ પડી આવે છે કે ભગવાના મહાવીરસ્વામીના તત્ત્વજ્ઞાનનું હૃદયગ્રાહી અધ્યયન જ તેમને વૈદિક દર્શનમાંથી જૈનદર્શનમાં ખેંચી લાવ્યું છે. ભગવાન મહાવીરસ્વામીના તત્ત્વજ્ઞાન પર તેઓ એટલા મુગ્ધ અને સંતુષ્ટ થયા કે તેમના મુખે આપોઆપ જ ચમત્કારપૂર્ણ, અગાધ શ્રદ્ધામય અને ભક્તિરસભરી બત્રીશ બત્રીશીઓ બનતી ચાલી. રચયિતાના પ્રૌઢ પાંડિત્યના કારણે તેમાં ભગવાન મહાવીરસ્વામીના ઉત્કૃષ્ટ તત્ત્વજ્ઞાનનો સુંદર સમાવેશ અને સ્તુત્ય સંકલન થઇ ગયું છે.

પ્રાપ્ત બત્રીશીઓમાં કોઇ કોઇ ઠેકાણે હાસ્યરસ પણ મળી આવે છે, તેથી માલૂમ પડે છે કે સિદ્ધસેન દિવાકર પ્રકૃતિએ પટુતા અને હાસ્યપ્રિય હશે. તેમની બત્રીશીઓમાંથી બે બત્રીશી (વાદોપનિષદ્ દ્વાત્રિંશિકા અને વાદ દ્વાત્રિંશિકા) વાદ-વિવાદ સંબંધી છે. એક બત્રીશી કોઇ રાજાના વિષયમાં પણ બનાવેલી દેખાય છે, જેથી અનુમાન થાય છે કે સિદ્ધસેન દિવાકરને રાજસભામાં પણ વાદ-વિવાદના માટે-જૈન ધર્મને શ્રેષ્ઠ સિદ્ધ કરવા માટે જવું પડયું હશે. આ વિષયમાં સંબંધ રાખવાવાળી તેમની કૃતિઓ જોવાથી જણાય છે કે તેઓ વાદવિવાદ કલામાં કુશલ અને કુશાગ્ર બુદ્ધિશીલ હશે. તેમની વર્ણનશૈલી એ પ્રમાણિત કરે છે કે જાણે તેઓ અનુભૂત વાતોનું જ વર્ણન કરી રહ્યા છે.

તેમના સમ્યક્ત્વ-શ્રદ્ધા-ના દૃષ્ટિકોણે એમ કહી શકાય કે તેઓ સારી રીતે જૈન ધર્મના રંગે રંગાયા હતા. વૈદિક માન્યતાઓને જૈન ધર્મની અપેક્ષાએ હીન કોટીની સમજવા લાગ્યા હતા. તેનું પ્રમાણ એ છે કે સ્વપક્ષ અને પરપક્ષની વિવેચના કરતા સમયે પરપક્ષની કોઈ કોઇ પ્રબલ તર્કસંગત વાત પણ નિર્બળ તર્કોના આધારે ખંડન કરતા જાય છે. જ્યારે સ્વપક્ષની તર્ક-અસંગત વાત પણ શ્રદ્ધાના આધારે સિદ્ધ કરવાનો પ્રયાસ કરે છે.

આચાર્ય સિદ્ધસેન દિવાકરદ્વારા રચિત એવં ઉપલબ્ધ ૨૨ બત્રીશીઓમાં સાત તો સ્તુત્યાત્મક છે, બે સમીક્ષાત્મક અને શેષ ૧૩ દાર્શનિક એવં વસ્તુચર્ચાત્મક છે.

બત્રીશીઓની ભાષા, ભાવ, છંદ, અલંકાર, રીતિ અને રસની દૃષ્ટિએ વિચાર કરવાથી જણાય છે કે આચાર્ય સિદ્ધસેન દિવાકરની પ્રતિભા અને શક્તિ મૌલિક અને અનન્ય વિદ્વત્તાસૂચક હતી. સ્તુત્યાત્મક બત્રીશીમાંથી છ તો ભગવાન મહાવીરસ્વામી સંબંધી છે, અને એક કોઇ રાજા સંબંધી, સમીક્ષાત્મકમાં જલ્પ આદિ વાદકથાની મિમાંસા કરવામાં આવી છે. દાર્શનિક બત્રીશીઓમાં ન્યાય, સાંખ્ય, વૈશેષિક બૌદ્ધ, આજીવક અને વેદાંત દર્શનોમાંથી પ્રત્યેક દર્શન પર એક એક સ્વતંત્ર બત્રીશી લખી છે. મિમાંસક દર્શન સંબંધી કોઈ બત્રીશી ઉપલબ્ધ નથી તેથી અનુમાન કરી શકાય છે કે નષ્ટ શેષ બત્રીશીમાં મિમાંસક-બત્રીશી પણ એક હશે. છ બત્રીશીઓમાં વિશુધ્ધ રૂપે જૈન દર્શનનું વર્ણન કર્યું છે. એમણે બધી બત્રીશીઓમાં મળીને લગભગ સત્તર પ્રકારના છંદોનો ઉપયોગ કર્યો છે, કિંતુ અધિકાંશ શ્લોકોની રચના 'અનુષ્ટુપ્' છંદમાં જ થઇ છે. તેમની એ કૃતિઓ બતાવે છે કે ષડ્ દર્શનો પર તેમનો અગાધ અધિકાર હતો. આ કૃતિઓથી જૈન સાહિત્યની રચના ઉપર અભૂતપૂર્વ પ્રભાવ પડ્યો છે. પ્રાયઃ સંપૂર્ણ જૈન સમુદાયમાં ષડ્દર્શનોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પઠનપાઠન અને અન્ય દર્શનોની ન્યાયશૈલીએ ખંડનપ્રણાલીનો આ કૃતિઓને જોઇને જ પ્રારંભ થયો હોય તેમ જણાય છે; કારણ કે સિધ્ધસેન દિવાકર પહેલાં રચિત શ્વે. જૈન સાહિત્યમાં ષડ્દર્શન સંબંધમાં નહી બરાબર જ વિવેચન મળી આવે છે. અતઃ એ નિઃસંકોચરૂપે કહી શકાય કે શ્વે. જૈન સમાજમાં ષડ્દર્શનોના પઠનપાઠનની પ્રણાલિ અને તે સંબંધી વિવેચન કરવાનું શ્રેય આચાર્ય સિદ્ધસેન દિવાકરને જ મળે છે. આ દૃષ્ટિએ જૈનસમાજ પર આ આચાર્યનો કેટલો મહદ્‌ ઉપકાર છે તેની પાઠક સ્વયં કલ્પના કરી શકે છે.

**અન્ય આચાર્યોની શ્રદ્ધાંજલીઓ—**

પાછળના સર્વ આચાર્યોએ સિદ્ધસેન દિવાકરનું પોતપોતાના ગ્રંથોમાં અત્યંત આદરપૂર્વક સ્મરણ કર્યું છે. તેમના પદ્યોને પોતાના મંતવ્યની પુષ્ટિને માટે અનેક મોટા મોટા આચાર્યોએ પણ પોતાના ગ્રંથોમાં પ્રમાણસ્વરૂપ ઉધ્ધૃત કર્યા છે. તેમના પ્રતિ આદરબુધ્ધિના થોડાક ઉદાહરણ નિમ્ન પ્રકારે છે.

આઠમી શતાબ્દિના મહાન મેધાવી, મૌલિક સાહિત્યિક અને વિશેષ સાહિત્યિક યુગના નિર્માતા આચાર્ય હરિભદ્રસૂરિ 'પંચ વસ્તુક' ગ્રંથમાં લખે છે કે-

**"सुअकेवलिणा जओ भणिअं-**
**आयरियसिद्धसेणेण सम्मईए पइट्ठिअजसेणं।**
**दूसम-णिसा-दिवागर कप्पत्तणओ तदक्खेणं ॥**
**पंचवस्तुक, गाथा १०४८**

**અર્થાત્‌:**—દુઃષમકાલ નામક પંચમ આરારૂપી રાત્રિને માટે સૂર્યસમાન, પ્રતિષ્ઠિત યશવાળા, શ્રુતકેવલી સમાન આચાર્ય સિધ્ધસેન દિવાકરે 'સમ્મતિ તર્ક' માં કહ્યું છે.

હરિભદ્રરચિત આ ગાથામાં 'સૂર્ય' અને '**શ્રુતકેવલી**' વિશેષણ બતાવે છે કે ૧૪૪૪ ગ્રંથોના રચયિતા આચાર્ય હરિભદ્રસૂરિ જેવા ધુરંધર આચાર્યો પણ સિધ્ધસેન દિવાકરને કઇ દૃષ્ટિએ જોતા હતા?

બારમી શતાબ્દિના પ્રૌઢ જૈન ન્યાયાચાર્ય વાદી દેવસૂરિ પોતાના સમુદ્ર સમાન વિશાળ અને ગંભીર ગ્રંથરાજ 'સ્યાદ્વાદરત્નાકર'માં આ પ્રકારે શ્રધ્ધાંજલી સમર્પણ કરે છે.

**श्रीसिद्धसेन-हरिभद्रमुखाः प्रसिद्धाः ।**
**ते सूरयो मयि भवन्तु कृतप्रसादाः ॥**
**येषां विमृश्य सततं विविधान् निबन्धान् ।**
**शास्त्रं चिकीर्षति तनु प्रतिभोऽपि मादृक् ॥**

**અર્થાત્‌:**—શ્રી સિધ્ધસેન અને હરિભદ્ર જેવા પ્રમુખ આચાર્ય મારા પર પ્રસન્ન હો જેમના વિવિધ ગ્રંથોનું સતત મનન કરીને મારા જેવા અલ્પબુધ્ધિ પણ શાસ્ત્ર રચવાની ઇચ્છા કરે છે.

શ્લેષ અને રૂપક અલંકાર સાથે મુનિ રત્નસૂરિ પોતાના બાર હજાર શ્લોકપ્રમાણ મહાન્ કાવ્ય અમમ ચરિત્રમાં લખે છે કે:—

**उदितोऽर्हन्मतव्योम्नि सिद्धसेनदिवाकरः ।**
**चित्रं गोभिः क्षितौ जह्रे कविराजबुधप्रभा ॥**

**અર્થાત્‌:**—સિધ્ધસેનરૂપી દિવાકર (સૂર્ય)ના અર્હન્મત(જૈનધર્મ)રૂપી આકાશમાં ઉદય થવાથી તેમની ગો (કિરણ અથવા વાણી એ બંને અર્થ) એ પૃથ્વી પર કવિરાજ (શેષ કવિ અથવા બૃહસ્પતિ-બંને અર્થ)ની અને બુદ્ધ (બુદ્ધિમાન અને બુધ ગ્રહ બંને અર્થ)ની કાંતિ લજ્જિત થઇ ગઇ.

અહિંયાં "દિવાકર, કિરણ, બૃહસ્પતિ અને બુધ" ની સાથે તુલના કરીને તેમની અગાધ વિદ્વત્તા પ્રતિ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ વ્યક્ત કરવામાં આવી છે.

પ્રભાચંદ્રસૂરિ પોતાના પ્રભાવક ચરિત્રમાં લખે છે કે-

**स्फुरन्ति वादिखद्योताः साम्प्रतं दक्षिणापथे ।**
**नूनमस्तंगतः वादी सिद्धसेनो दिवाकरः ॥**

ભાવ એ છે કે જે પ્રકારે સૂર્યનો અસ્ત થવાથી ખદ્યોત—આગીઓ બહુ ચમકયા કરે છે તે પ્રકારે અહીંયા પણ રૂપક—અલંકારમાં કલ્પના કરવામાં આવી છે કે દક્ષિણપંથમાં આજકાલ વાદીરૂપી ખદ્યોત બહુ જ ચમકવા લાગ્યો છે, આથી જણાય છે કે સિધ્ધસેનરૂપી સૂર્યનો અસ્ત થઇ ગયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીંયા પણ સિધ્ધસેન આચાર્યને સૂર્યની ઉપમા આપવામાં આવી છે.

વિક્રમની ચૌદમી શતાબ્દિમાં થયેલ મુનિશ્રી પ્રદ્યુમ્નસૂરિ 'સંક્ષેપસમરાદિત્ય' માં લખે છે કે–

**तमःस्तोमं स हन्तु श्रीसिद्धसेनदिवाकरः ।**
**यस्योदये स्थितं मूकैरुलूकैरिव वादिभिः ॥**

**અર્થાત્**:–શ્રી સિધ્ધસેન દિવાકર અજ્ઞાનરૂપી અંધકારને નષ્ટ કરો. જે સૂર્ય સમાન સિધ્ધસેનનો ઉદય થવાથી પ્રકાશમાં નહીં રહેવાવાળા વાદીરૂપી ઘૂવડ ચૂપચાપ બેસી ગયું.

સાડાત્રણ કરોડ શ્લોકપ્રમાણ સાહિત્યના રચયિતા, સાહિત્યના પ્રત્યેક અંગની પુષ્ટિ કરવાવાળા, કલિકાલસર્વજ્ઞની ઉપાધિવાળા આચાર્ય હેમચંદ્ર પોતાની અયોગવ્યવચ્છેદિકા નામક બત્રીશીના ત્રીજા શ્લોકમાં લખે છે કે–

**क्व सिद्धसेनस्तुतयो महार्थाः,**
**अशिक्षितालापकला क्व चैषा ।**
**तथापि यूथाधिपतेः पथस्थः,**
**स्खलद्गतिस्तस्य शिशुर्न शोच्यः ॥**

**અર્થાત્**:–કયાં ગંભીર અર્થવાળી આચાર્ય સિધ્ધસેન દિવાકરની સ્તુતિઓ અને કયાં અશિક્ષિત અભ્યાસવાળી મારી આ રચના, મહાન્ દિગ્ગજ હાથીઓના માર્ગનું અનુકરણ કરવાવાળું હાથીનું બચ્ચું જો સ્ખલિત ગતિ થઇ જાય તો પણ શોચનીય નથી તે પ્રકારે જો હું પણ સિધ્ધસેન જેવા મહાન્ આચાર્યોનું અનુકરણ કરતા સ્ખલિત થઇ જાઉં તો પણ શોચનીય નહિ થાઉં.

પાઠકગણ, આ અવતરણોથી અનુમાન કરી શકાય છે કે જૈન સાહિત્યમાં આચાર્ય સિધ્ધસેન દિવાકરનું શું સ્થાન છે ? એ પ્રકારે એ નિર્વિવાદ સિધ્ધ છે કે સિધ્ધસેન દિવાકરની કૃતિઓનો જૈન સાહિત્ય પર મહાન્ પ્રભાવ છે.

( **ક્રમશઃ** )

(ઉદ્ધરિત 'અનેકાન્ત')

## ધર્મ કેમ સધાય ?

To attain piety (Dharma) through violence that is impossible. To attain piety make others happy. The mutual good-mindedness of men and also self-content flow from this wish to make others happy.

હિંસાથી ધર્મનું તત્ત્વ નથી સધાતું. ધર્મ તો બીજાને સંતોષ પમાડવામાં છે. એ જ રીતથી મનુષ્યોમાં પરસ્પર સૌમનસ્ય (મીઠી લાગણી, મીઠો વ્યવહાર) સધાય છે, અને સાથે જ, એમાં આત્મસંતોષ પણ પમાય છે.

**––ભગવાન મહાવીર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂજનના વિવિધ પ્રકારો

**નવમા** સુવિધિનાથના સ્તવનમાં શ્રીમદ્ આનંદઘનજી મહારાજ જૈન ધર્મમાં જે પ્રકારોવડે પૂજા કરવાની કહી છે તેના ભેદનું વર્ણન કરી, ટૂંકમાં મુદ્દાસર બ્યાન કરે છે. 'જેવા દેવ તેવી પૂજા,' એ કહેવત પાછળ કિંમતી સાર સમાયો છે. એને અનુરૂપ ઉક્તિ 'છાણના દેવને કપાસીયાની પૂજા,' ભાગ્યેજ કોઇના શ્રવણે નહીં પડી હોય. એ ઉપરથી તાત્પર્ય કાઢીએ તો એ જ નીકળવાનું કે જેટલા પ્રમાણમાં પૂજ્યની વિશિષ્ટતા તેટલા પ્રમાણમાં તેને લગતી પૂજનક્રિયામાં વપરાતાં પદાર્થોની પણ વિશિષ્ટતા. ઉપાસકવર્ગ તરફથી લૌકિક દેવોની સેવામાં વપરાતાં દ્રવ્યો કે જેમાં આહાર, વસ્ત્ર, પુષ્પો અને સુગંધી પદાર્થોનો સમાવેશ થાય છે તે તરફ મીટ માંડીશું તો સહજ જણાશે કે એમાં વિચિત્રતાઓનો પાર નથી અને એ ઉપરથી દેવત્વ પાછળ નિયત કરાયેલ ભાવનાનું સ્પષ્ટ દર્શન થાય છે. પદાર્થોની પસંદગી ઉપરથી જ ઉપાસ્યની રુચિની પ્રતીતિ થાય છે. એ પાછળ સત્ય છે કે કેવળ સાંપ્રદાયિક ગુંથણી છે એની ચર્ચામાં ન ઉતરતાં સામાન્યપણે વિચારીશું તો સહજ જણાઈ આવશે કે એમાં અને લોકોત્તર દેવો તરીકે એનાથી જુદા પડતાં જૈન દર્શનમાં દર્શાવાયેલા દેવોમાં મહદ્ અંતર છે.

લગભગ સર્વ લૌકિક પંથોમાં ભક્તિરૂપે ધરવામાં આવતી વસ્તુઓ, આખરે તો ઉપાસકવૃંદના જ ભોગમાં આવવાની હોય છે એટલે અર્પણતા ભાવમાં સંપૂર્ણતા નથી લાભી શકાતી. ઘણાખરા પ્રસંગોમાં એને સ્થાને સ્વાદવૃત્તિ અને સ્વાર્થવૃત્તિના ઊઘાડા દર્શન થાય છે. કાળી માતા સામે ચઢાવાતા પશુબળિ કે ઠાકોરજીને ધરાવાતા છપન્ન ભોગ પાછળ પૂજારી-પંડ્યા, મહંત કે મહારાજ તરીકે ઓળખાતાં ઉપાસકવર્ગની આહાર-લાલસા નથી તો અન્ય શું છે?

એ પદાર્થોની સરખામણીમાં વીતરાગ સન્મુખ મૂકાતા પદાર્થો ઘણા ઉત્તમ પ્રકારના હોય છે અને એમાં સ્વ-વપરાશની સ્હેજ પણ વાસના હોતી નથી. અર્પણવૃત્તિનો સાચો સાક્ષાત્કાર ત્યાં જ થઈ શકે છે. પુષ્પોની પસંદગીમાં પણ જે ભેદ ઊડીને આંખે વળગે છે તે એ છે કે જૈનો જે પુષ્પો વાપરે છે એની સુવાસ, સુંદરતા ને વર્ણ આગળ લૌકિક દેવોને ચઢાવાતાં ફૂલો તદ્દન ઉતરતી પંક્તિના હોય છે. એ સર્વ કરતાં પૂજન-ભક્તિ પાછળ જે અહિંસક ભાવ રમણ કરતો અનુભવાય છે એ જ એની શ્રેષ્ઠતા પુરવાર કરવા પર્યાપ્ત થઇ પડે તેમ છે.

જ્યાં કેવલ ભક્તિના નામે જીવતા પ્રાણીનો સર્વનાશ નોતરવાનો હોય અથવા તો એના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંસ પર લોલુપતા કે એની ચાલ પર મોહકતાના ડોળા પટપટાવવાના હોય ત્યાં સાચી ઉપાસના શી રીતે સંભવી શકે? જે દેવ શસ્ત્ર, નારી કે વાહનના રસિયા હોય તે આત્માને વધુમાં વધુ આપી શકે તો તે માત્ર પોતાની પાસે રહેલી વસ્તુઓ કે બીજું કંઈ? અર્થાત્ એમની ઉપાસના દ્વારા શસ્ત્ર-નિષ્ણાતતા કે સાંસરિક ભોગોપભોગની સામગ્રી સંભવી શકે; પણ સાચું આત્મ-કલ્યાણ કિંવા આત્માની સ્વસ્વરૂપ-પિછાન હરગીજ ન લાભી શકાય. એ ખાતર તો વીત-રાગની જ ઉપાસના જરૂરી લેખાય. એ માટે તો ઉત્તમોત્તમ પદાર્થો સાચી અર્પણ બુદ્ધિથી ધરાવા ઘટે, અને એ પાછળ ભાવ એ સર્વ પરના મમત્વને હઠાવવાનો હોય. વળી એ કરણીમાં ડગલેને પગલે નિયત કરાયેલી વિધિના દર્શન થવા જોઇએ. કેવલ દ્રવ્યથી એની પૂર્ણાહુતિ ન કરાતાં એ પછી પ્રબળ ભાવ પેદા થાય તેવા આત્મલક્ષી સ્તવનાદિની જમાવટ હોવી જોઇએ. એ માટે આત્મા, પરમાત્મા સહ તદાકાર બની જાય તેવું વાતા-વરણ સર્જવું જોઇએ. એ સારું **इलिका भ्रमरीध्यानात् भ्रमरीत्वं अधिगच्छति** વાળું ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનું વાકય યાદ રાખવું ઘટે.

યોગિરાજ સુવિધિજિનને લક્ષી સ્તવનમાં એ જાતની જમાવટ કરતાં મુમુક્ષુ આત્માને એક પગલું આગળ લઇ જાય છે. દર્શનના તલ-સાટ પછી પૂજનના પ્રકાર સૂચવતાં કહે છે કે–

**દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને,**
**હરખે દેહરે જઇએ રે;**
**દહ તિગ પણ અહિગમ સાચવતાં,**
**એકમના ધુરિ થઇએ રે.**

દ્રવ્યથી અને ભાવથી અર્થાત્ બાહ્ય સાધનોને લગતી અને આંતરિક પરિણામોને લગતી પવિત્રતા ધારણ કરીને જિનાલયમાં પગ મૂકવો જોઇએ. એ વેળા ચૈત્યવંદન ભાષ્ય કિંવા દેવવંદન ભાષ્ય અથવા તો પ્રવચન-સારોદ્ધાર આદિ ગ્રંથોમાં દશ ત્રિક ને પાંચ અભિગમ સંબંધી જે વર્ણન છે એ તરફ ધ્યાન દઈને પૂજનના કાર્યમાં ચિત્ત કેંદ્રિત કરવાનું છે. પૂજાના ચાર પ્રકાર–૧ અંગપૂજા, ૨ અગ્રપૂજા, ૩ ભાવપૂજા, ૪ પ્રતિપત્તિપૂજા. પુષ્પ ચઢાવવા, જળનો પખાલ કરવો, ચંદ-નનું લેપન કરવું તેમજ ધૂપ અને દીપક અનુક્રમે ધૂપદાન ને ફાનસમાં મૂકી પ્રભુમૂર્તિ સામે ધરવા એ પાંચ પેટાભેદે અંગપૂજા. એમાં શુદ્ધ ચોખાવડે સાથીઓ કરવો, નૈવેદ્ય તેમ ફળ એ પર મૂકવારૂપ ત્રણ પેટા ભેદ ઉમેરતાં કુલ અગ્રપૂજાના મળી આઠ ભેદ થયા. એ જ વર્તમા-નમાં ચાલી રહેલી અષ્ટ પ્રકારની પૂજા. પૂજામાં વપરાતાં દ્રવ્યોની શુદ્ધિ, સંખ્યા અને વિવિધતા આદિ ભાંગાવડે આ સંબંધી ઘણું ઘણું કહી શકાય એટલું જ નહિં પણ એ પાછળ સમા-યેલ ભાવનાના મુદ્દાથી એમાં ઘણી તરતમતા વિચારી શકાય. પૂજા જો જિનેશ્વરની આજ્ઞા ધ્યાનમાં રાખી કરવામાં આવે તો બે જાતના ફળ આપનારી કહી છે. એમાં મનુષ્ય ગતિના ઉત્તમ સુખો, દેવલોકના અવર્ણનીય વિલાસો અને પરિણામે શિવસુંદરીનો યોગ સમાય છે. અનંતર અને પરંપરભેદમાં મુક્તિપુરીમાં વાસ એ છેવટનો તબક્કો છે, અર્થાત્ ક્રિયા વાંઝણી નથી જ એ એનો સાર છે. વળી આઠ પ્રકાર તો સામાન્ય રીતે મુખ્ય બતાવ્યા પણ એની સાથે અન્ય ક્રિયાઓનો મેળ લગાવી સત્તર, એકવીશ અને એકસો ને આઠ ભેદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ પાડી શકાય છે. અરે! એક હજાર ને આઠ સુધી આંક માંડી શકાય. આ ભેદ-પ્રભેદનો જે કંઇ વિસ્તાર વિચારી ગયા એ સર્વનો સમાવેશ દ્રવ્યપૂજામાં થાય, એટલે અંગ અને અગ્રપૂજા મળી દ્રવ્યપૂજા ગણાય.

ત્રીજો પ્રકાર ભાવપૂજાનો આવે છે. એમાં પ્રભુબિંબ સામે ચિત્તની એકતારતા સાધી, એમના સ્તવમાં વા ગુણકીર્તનમાં લયલીન બનવાનું છે. ધ્યાનમગ્ન દશા પણ આમાં ગણાઈ શકે. એના પ્રકાર ઉપાસક આત્માના પરિણામો પર અવલંબતા હોવાથી ઘણા છતાં નામોલ્લેખ ન કરી શકાય તેવા નથી. એ પરિણામોમાં એટલી બધી પ્રબળ શક્તિ રહેલી છે કે તેના વડે સંખ્યાબંધ વર્ષોના કઠીન કર્મો અલ્પ કાળમાં નાશ કરી શકાય. ફક્ત અગત્ય છે એ જાતના ભાવોની જમાવટની. કોઈ પ્રશ્ન કરે કે તો પછી દ્રવ્યપૂજાની શી જરૂર? એકલી ભાવ-પૂજા કરીએ તો ન ચાલે? ઉત્તર એટલો જ આપી શકાય કે ગૃહસ્થોએ પૂજા કરવી ઘટે. એ વેળા યાદ કરવાનું છે કે ભાવ વાત કરવા માત્રથી નથી આવી જતો, દ્રવ્યપૂજાવડે જ એની ભૂમિકા રચાય છે; તેથી તો કહેવામાં આવ્યું છે કે—**દ્રવ્ય ત ભાવનિમિત્ત**–બાકી ભાવપૂજાની અચિંત્ય શક્તિ સંબંધમાં મહારાજા કુમારપાળના પૂર્વભવનું ઉદાહરણ જીવતુંજાગતું છે.

**'પાંચ કોડીના ફુલડે જેના સિધ્યા કાજ'** એ વાત કોણ નથી જાણતું? ચોથો પ્રકાર જે પ્રતિપત્તિ પૂજાનો કહ્યો છે એનો ભાવાર્થ એ છે કે પોતાના સ્વરૂપને અવિચ્છિન્નપણે આદરવું અર્થાત્ સ્વસ્વરૂપની પૂજા–પિછાન કરવી. પોતાના મૂળ સ્વરૂપમાં રમણ કરવું એ પ્રભુભક્તિનો અંતિમ પ્રકાર છે. પરમાત્મ-ભાવ પ્રાપ્ત કરવો એ પ્રત્યેક ઉપાસક આત્માનું ધ્યેય હોય જ, તેથી તો કહેવાય છે કે 'જીવમાંથી શિવ અથવા નરમાંથી નારાયણ' પણ એ સ્થિતિ સહજ નથી. ઉપરોક્ત પ્રકાર-માંથી પસાર થવામાં જેનો સતત ઉદ્યમ ચાલુ છે એ આત્મા જ્યારે ગુણસ્થાનકરૂપ પગથિયા વટાવતાં અગિયારમા 'ઉપશમ' નામના ગુણ-ઠાણે આવે છે ત્યારે એ આરંભાય છે. બારમા 'ક્ષીણમોહ' ને તેરમા 'સયોગિકેવલી' પર્યંત એ વર્તતી હોય છે. એમાં અતિ આગળ પડતો ભાગ આત્માના અધ્યવસાયો ભજવે છે. કેવલજ્ઞાની પરમાત્મા સ્વમુખે એ સંબંધમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવે છે. જેની પાછળ આ જાતની ટંકશાળી છાપ છે તેના માહાત્મ્ય વિષે વધુ શું કહેવાનું હોય? આમ પૂજાદ્વારા ચૌદ રાજલોકનો પ્રાંતભાગ પમાય છે. એ વાત પર ભાર મૂકી યોગિરાજ આનંદઘન, ઉપસંહાર કરતાં કહે છે કે—

**એમ પૂજા બહુ ભેદ સુણીને,**
**સુખદાયક શુભ કરણી રે;**
**ભવિક જીવ કરશે તે લેશે,**
**આનંદઘન પદ ધરણી રે.**

**ચોકસી**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનનું રહસ્ય

અનુ૦ અભ્યાસી B. A

**સંસારની** વિચિત્ર દશા છે. મનુષ્ય જન્મે છે, મોટો થાય છે, વિષય–ભોગ કરે છે, સંતાન ઉત્પન્ન કરે છે, તેનું પાલનપોષણ કરે છે, ધન, જમીન, મકાન તથા અન્ય ભોગસામગ્રી એકત્ર કરે છે, એના સંગ્રહમાં ન્યાય–અન્યાયની પરવા પણ નથી કરતો અને અંતે એ સર્વ અહિં છોડીને અસફલતા અને અતૃપ્તિનો બોધ કરતો કરતો અનેક ચિંતાઓ અને પાપોનો ભાર માથા ઉપર લઈને આ અસાર સંસારમાંથી ચાલ્યો જાય છે. મોટા ભાગના મનુષ્યોની આ જ દશા છે. એ પ્રકારના જીવનમાં અને પશુ જીવનમાં શો ફેર છે?

પશુ પણ પોતાનું પેટ ભરે છે, સંતાન ઉત્પન્ન કરે છે અને છેવટે મરી જાય છે; છતાં કેટલીક બાબતોમાં પશુઓ અત્યારના મનુષ્યોથી કંઇક સારા છે. તેઓને ભવિષ્યની ચિંતા નથી હોતી, તેઓ સંગ્રહ નથી કરતા અને સંગ્રહ માટે બીજાનાં ગળાં નથી કાપતા. પશુઓમાં તો પોતાનું હિતાહિત સમજવાની બુદ્ધિ નથી હોતી, મનુષ્યોને બુદ્ધિ મળેલી છે, તો પણ તેઓ વિચારતા નથી કે આ મનુષ્ય જીવન આપણને શા માટે મળ્યું છે. શું ખાવા, કમાવા, ભોગ ભોગવવા અને અંતે અસહાયની માફક સઘળું અહિં જ છોડીને મરી જવા માટે જ આપણને જીવન મળ્યું છે? જે મનુષ્ય જીવનને શાસ્ત્રોમાં દેવદુર્લભ કહેવામાં આવ્યું છે તેની ચરિતાર્થતા શું ભોગ ભોગવવામાં જ રહેલી છે? એ ભોગો તો આપણને બીજી યોનિઓમાં પણ સહેલાઈથી પ્રાપ્ત થઇ જાય છે. જે સુખ ઇન્દ્રને અમરાવતીમાં ઇન્દ્રાણીના સહવાસથી મળે છે તેવું સુખ એક કૂતરાને કૂતરીના સહવાસથી પ્રાપ્ત થાય છે. જે સ્વાદ આપણને ષડ્રસ ભોજન કરવામાં મળે છે તે જ સ્વાદ વિષ્ટા ખાનારને વિષ્ટામાં મળે છે. જે આરામ આપણને મખમલના ગાદી–તકીયામાં આળોટવાથી મળે છે તેવો આરામ એક ગધેડાને ધૂળમાં આળોટવાથી મળે છે, તો પછી પશુઓમાં અને આપણામાં ફેર શું છે? આપણે આપણી જાતને પશુઓથી શ્રેષ્ઠ કેમ માનીએ છીએ? આજ આપણામાંથી કેટલા ભાઈઓ આ પ્રશ્નો પર ગંભીરતાપૂર્વક વિચાર કરે છે? આપણું જીવન ભોગમય બની ગયું છે, આપણે રાતદિવસ શરીરની જ ચિંતામાં વ્યગ્ર રહીએ છીએ. આપણે શરીરને જ આત્મા માની લીધેલ છે, આ શરીરથી પર કોઇ વસ્તુ છે છે કે નહિ એ જાણવાની આપણને આવશ્યકતા નથી લાગતી. મુઆ પછી આપણે કયાં જશું, આ જીવન પછી કોઈ જીવન છે, આ જીવનમાં કરેલા પાપ પુન્યનું ફળ આપણને આ જીવન પછી પણ મળી શકે છે, એ સઘળી બાબતોનો આપણે વિચાર કરતા જ નથી. આ જીવનમાં આપણે સુખે રહીએ, આપણું માન વધે, આપણને વધારેમાં વધારે ભોગ પ્રાપ્ત થાય–એ જ આપણા જીવનનું લક્ષ્ય બની રહ્યું છે; પરંતુ એ લક્ષ્ય ઠીક છે કે નહિ તે ઉપર આજે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે કઇંક વિચાર કરશું.

આ જીવન આપણને સાંસારિક ભોગ ભોગવવા માટે નથી મળ્યું. સઘળા ભોગો અનિત્ય, અસ્થિર અને ક્ષણભંગુર છે. જેવી રીતે વિજળીનો ચમકારો એક ક્ષણવાર દેખાઇને તરત જ વિલીન થઈ જાય છે તેવી રીતે વિષયસુખ કેવળ ભોગસમયે જ સુખદાયી પ્રતીત થાય છે. ભોગના પૂર્વકાળમાં આપણે એની કામનાથી બળીએ છીએ અને એનું પરિણામ પણ દુઃખદાયક હોય છે. ભોગસમયે પણ આપણને વિષયોમાં સુખની પ્રતીતિ માત્ર થાય છે; વસ્તુતઃ એમાં સુખ જ નથી. જો સુખ હોય તો તે ટકે, તેનો વિનાશ ન થય; કેમકે સત્ અને અસત્‌ની વ્યાખ્યામાં એમ બતાવવામાં આવ્યું છે કે સત્ વસ્તુનો કદી પણ વિનાશ નથી થતો અને અસત્‌નો ભાવ નથી હોતો. ' नासतो विद्यते भावो नाभावो विद्यते सतः। ' તેથી જે સુખ અચળ છે, નિત્ય છે, ધ્રુવ છે, અવિનાશી છે તે જ વાસ્તવિક સુખ છે. જે સુખ ક્ષણસ્થાયી છે, એક ક્ષણમાં ઉત્પન્ન થાય છે અને બીજી જ ક્ષણે વિનાશ પામે છે તે સુખ જ નથી, તે મિથ્યા સુખ છે, સુખની ભ્રાંતિ છે. વિષયોના સંબંધથી થનારા સુખને રાજસ્ અને પરિણામે ઝેર સમાન દુઃખદાયક કહેવામાં આવ્યું છે.

**विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम्।**
**परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम्॥**
**(गीता)**

એ જ રીતે પ્રમાદ, આલસ્ય અને નિદ્રાથી ઉત્પન્ન થનારા સુખને તામસ્ અને મોહકારક કહેવામાં આવ્યું છે.

**यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः।**
**निद्रालस्य प्रमादोत्थं तत्तामसमुदाहृतम्॥**
**(गीता)**

વિષયોમાં સુખની પ્રતીતિ માત્ર થાય છે, ખરી રીતે એમાં કશું સુખ નથી. આ સત્ય સમજાવવા માટે મહાત્માઓ એક દૃષ્ટાંત આપ્યા કરે છે. એક સરોવરના કિનારે એક વૃક્ષની શાખામાં એક અત્યંત તેજસ્વી મણિ લટકી રહ્યું હતું. મણિનો પડછાયો એ સરોવરના પાણી પર પડતો હતો. કોઇ માણસની દૃષ્ટિ તે પડછાયા પર પડી અને એ પડછાયાને મણિ સમજીને તે મેળવવા માટે વારંવાર પાણીમાં શોધવા લાગ્યો. પરંતુ મણિ તો ત્યાં હતું જ નહિ તો તે તેના હાથમાં કેવી રીતે આવે? પછી એક મહાત્માએ તેનો વ્યર્થ પ્રયાસ જોઇને તેને કહ્યું કે જેને મણિ સમજીને તે મેળવવા માટે તું પાણીમાં શોધી રહ્યો છે તે મણિ નથી; પણ મણિનો પડછાયો માત્ર છે. મણિ તો ઉપર વૃક્ષની શાખામાં લટકી રહેલ છે. પડછાયાને પકડવાનો તું જીવનભર પ્રયત્ન કરીશ તો પણ તારા હાથમાં તે આવવાનો નથી. મણિ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો પડછાયા પાછળ ફોકટ હેરાન થવાનું છોડી દઇને ઉપર નજર કરો અને વૃક્ષ પર ચઢીને મણિ લઇ આવો. પછી તો તે મનુષ્યને પોતાની ભૂલ સમજાણી અને પડછાયો પકડવાનો ભૂલભરેલો પ્રયત્ન છોડીને તે મહાત્માએ દેખાડેલા માર્ગે વૃક્ષ પર ચઢીને મણિને મેળવી લીધું. જે લોકો સુખની આશાએ વિષયોની પાછળ ભટકતા રહે છે તેમની દશા મણિ મેળવવાની આશાએ તેના પડછાયાને પકડવા માટે વ્યર્થ પ્રયાસ કરનાર મૂઢ મનુષ્ય જેવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજકાલ સંસારમાં એવું જ ચાલી રહ્યું છે. એટલા માટે આપણે ખરા સુખથી વંચિત બનીને જીવનભર દુઃખી જ રહીએ છીએ, પરંતુ વારંવાર દુઃખ પામવા છતાં પણ આપણે વિષયોથી સુખ પામવાની આશા ત્યજતા નથી અને વારંવાર એને પકડીએ છીએ. એ જ મોહનો મહિમા છે. મદિરા પીને મનુષ્ય જેવો ઉન્મત્ત બની જાય છે અને એને પૂર્વાપરનું જ્ઞાન નથી રહેતું એવી રીતે આપણે પણ મોહરૂપી મદિરા પીને વિવેકશૂન્ય થઇ ગયા છીએ અને વિષયોની પાછળ પાગલ થઇને ભટકયા કરીએ છીએ. पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत् ।

ઘડીભર માની લઇએ કે વિષયોમાં સુખ રહેલું છે, કેમકે આપણને એમાં એનો અનુભવ થાય છે; તો પણ આટલું તો સ્પષ્ટ છે કે તે સુખ અલ્પ છે, અનિત્ય છે, ક્ષણિક છે, હમેશાં ટકવાનું નથી. જો તે નિત્ય હોય તો જેઓને વિષયસુખ પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થએલું છે તેઓ કદી પણ દુઃખી હોત જ નહી, હંમેશા સુખી જ હોત; પરંતુ એવું જોવામાં નથી આવતું. જેની પાસે વિષયભોગની સામગ્રી જેટલી વધારે હોય છે તે તેટલો વધારે દુઃખી જોવામાં આવે છે. વાત પણ ઠીક છે. જે વસ્તુ સ્વયં અનિત્ય છે તે આપણને નિત્ય સુખ કેવી રીતે આપી શકે? સંસારનો પ્રત્યેક પદાર્થ નશ્વર છે, વિનાશ તરફ જઇ રહેલ છે એટલું જ નહિ પણ પ્રતિક્ષણ એનો વિનાશ થઇ રહ્યો છે એમ કહેવું જોઇએ. જેવી રીતે નદીનું પાણી એક હોવા છતાં પ્રતિક્ષણ બદલાયા કરે છે તેવી રીતે સંસારના પ્રત્યેક પદાર્થનું પ્રતિક્ષણ રૂપાન્તર થયા કરે છે. આજ કોઇ વસ્તુ આપણે એક રૂપમાં જોઇએ છીએ તે આવતી કાલે બદલાઇ જાય છે અને પરમ દિવસ તેનું બીજું જ રૂપ થઇ જશે. દાખલા તરીકે દૂધ લ્યો. દૂધની જે આકૃતિ, ગુણ અને સ્વાદ હોય છે તે આવતી કાલે નહિ રહે. પરમ દિવસ તેની આકૃતિ, ગુણ અને સ્વાદમાં વધારે ફેરફાર થઇ જશે. એના એ દૂધને થોડા વધારે દિવસ રાખવામાં આવે તો જે દૂધ સ્વાદ અને ગુણમાં અમૃત સમાન હતું તે ઝેર સમાન બની જશે. એ જ વાત ઓછા વધતા પ્રમાણમાં સંસારના સઘળા પદાર્થોના સંબંધમાં સમજવી જોઇએ. કોઇનું રૂપાંતર જલ્દી થાય છે, તો કોઇનું રૂપાંતર મોડું થાય છે; પરંતુ સર્વનું રૂપાંતર તો થાય જ છે. એવા ક્ષણભંગુર પદાર્થોથી આપણે નિત્ય સુખની આશા કેવી રીતે રાખી શકીએ?

વળી વિષયો સાથેનો આપણો સંબંધ પણ નિત્ય નથી. આજ જે પદાર્થને આપણે આપણો પોતાનો માનીને મલકાઇએ છીએ તેની સાથે આપણો સંબંધ આવતી કાલે છૂટી શકે છે. આ શરીર પણ આપણું નથી તો પછી જેને લઇને આપણે વિષયોને આપણા માની બેઠા છીએ તે વિષય તો આપણા કેવી રીતે હોઇ શકે? આ શરીરની સાથે આપણો સંબંધ ક્યારે છૂટી જશે તેની ખબર નથી. શરીર છૂટી જતાં જે બધા પદાર્થોને આપણે આપણા માની બેઠા છીએ તેની સાથે આપણો સંબંધ આપોઆપ છૂટી જશે. પૂર્વ જન્મમાં આપણે જે પદાર્થો સાથે અથવા વ્યક્તિઓ સાથે સંબંધ હતો તેનું આજ આપણને સ્મરણ પણ નથી. એવી જ રીતે આ જન્મના પદાર્થો સાથે મૃત્યુ પછી કોઇ પણ જાતનો સંબંધ નહિ રહે એટલું જ નહિ પણ આપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણુને તેની સ્મૃતિ પણ નહિ રહે. લાખો પ્રયત્ન કરવા છતાં પણ એમાંનો એક પણ પદાર્થ આપણી સાથે નહિ આવી શકે. અને આપણું મૃત્યુ તો એક દિવસ ચોક્કસ છે જ. એને આપણે એક ક્ષણ પણ નહિ રોકી શકીએ. આવી સ્થિતિમાં અહિંના પદાર્થો સાથે સંબંધ જોડવો, તેને આપણા પોતાના માનવા અને તેમાંજ આપણું જીવન વિતાડી દેવું એમાં કેટલી બુદ્ધિમત્તા રહેલી છે તેનો આપણે પોતે જ વિચાર કરી શકીએ છીએ.

એ સિવાય જેટલા વિષયસુખ છે તે સઘળા ક્ષણિક હોવા ઉપરાંત વિષયુક્ત મધની માફક દુઃખમય છે. ભોગસમયે સુખરૂપ લાગવા છતાં પણ તે પરિણામે દુઃખરૂપ જ છે. દાખલા તરીકે સ્ત્રીપ્રસંગનું સુખ લ્યો. તેનાથી આપણને જે ક્ષણિક સુખ પ્રતીત થાય છે તેની સરખામણીમાં દુઃખની માત્રા કેટલી વધારે છે એનું અનુમાન કરો. તેનાથી આપણા બલ, વીર્ય, બુદ્ધિ, તેજ, આયુષ્ય વિગેરેનો નાશ થાય છે, લોક પરલોક બગડે છે અને શરીરમાં પણ શિથિલતા તેમ જ ગ્લાનિનો અનુભવ થાય છે. એવી સ્થિતિમાં એ ક્ષણિક વિષયો ભોગવવામાં જ જીવન વિતાવી દેવું એ મૂર્ખતા નહિ તો બીજું શું છે? તેથી કરીને વિષયસુખોનો ત્યાગ કરીને જે સાચું તેમજ સ્થાયી સુખ છે, જેનો કદી પણ નાશ નથી થતો તે સુખ પ્રાપ્ત કરવા આપણે અંતઃકરણપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ. એ સુખ પ્રાપ્ત કરવું એ જ મનુષ્ય જીવનનું લક્ષ્ય છે, એ જ પરમ પુરુષાર્થ છે. સત્યશાસ્ત્રો એને જ પ્રાપ્ત કરવાની આપણને આજ્ઞા કરે છે. એને મેળવીને મનુષ્ય હમેશને માટે ન્યાલ થઇ જાય છે, કૃતકૃત્ય થઇ જાય છે, જન્મ-મૃત્યુના ફેરા ટાળી શકે છે, સર્વ પ્રકારના દુઃખ, ભય, શોક અને ચિંતાઓથી મુક્ત થઇ જાય છે, સર્વ પ્રકારના બંધનોથી છૂટી જાય છે. એને જ પરમાત્મા અથવા પરમપદની પ્રાપ્તિ કહે છે. એને પ્રાપ્ત કરવું એ જ આપણું સૌથી મહાન્ તેમજ મુખ્ય કર્તવ્ય છે અને એને માટે જ આપણને આ જીવન મળ્યું છે.

ભોગસુખ તો આપણને દેવ, તિર્યંચ વગેરે બીજી યોનિઓમાં પણ મળી શકે છે. આપણે નથી જાણતા કે અત્યાર સુધીમાં આપણા કેટલા જન્મ થઇ ચૂકયા છે, નથી જાણતા કે આપણે કેટલી વાર સ્વર્ગસુખ ભોગવ્યું છે, કેટલી વાર આપણે ચક્રવર્તી યા સમ્રાટ્ બની ચૂકયા છીએ, કેટલી વાર આપણે સ્ત્રીસુખ, સંતાનસુખ અને જિહ્વા વગેરે ઇન્દ્રિયોના સુખ ભોગવ્યા છે; પરંતુ એનાથી આપણને તૃપ્તિ નથી થઇ. આપણી સુખની શોધ બાકી જ રહી છે. અને જ્યાં સુધી આપણે પરમાત્મારૂપ નિત્ય તેમજ નિરતિશય સુખની પ્રાપ્તિ નહિ કરી લઈએ ત્યાં સુધી આપણી સુખની શોધ બાકી જ રહેશે, આપણને કદી પણ તૃપ્તિ નહિ થાય. અનંત સુખની શોધ એ જ જીવનો ધર્મ છે અને જ્યાં સુધી એ સુખ એને પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી ચેન નહિ પડે, ત્યાં સુધી એનું ભટકવાનું બંધ નહિ થાય અને ત્યાં સુધી એને વિશ્રામ પણ નહિ મળે.એટલા માટે વિષયો માટે ભટકવાનું છોડીને એ પરમ સુખની પ્રાપ્તિ માટે જ દરેક મનુષ્યે નિરંતર અથાક પ્રયત્ન કરવો જોઇએ, અને જ્યાં સુધી એ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેણે બીજી કોઈ પણ વસ્તુ માટે પ્રયત્ન ન કરવો જોઇએ. —ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પરમાત્માનું અધિરાજ્ય

[ ગતાંક પૃષ્ઠ ૨૩૦ થી શરૂ ]

દરેક આત્મામાં દિવ્યતા સંભાવનીય છે. આ રીતે પરમાત્માનો આવિષ્કાર દરેક આત્મામાં સંભવે છે. વિશુધ્ધ અસ્તિત્વ કે ચેતના એ પણ દરેક આત્માનું દિવ્ય સ્વરૂપ છે. આમ દરેક આત્મામાં પરમાત્મતા વિલસી રહેલ છે. વિશુધ્ધ અસ્તિત્વ કે ચેતનાની દૃષ્ટિએ પરમાત્મતા દરેક આત્મામાં છે. પરિપૂર્ણતાની દૃષ્ટિએ પરમાત્મા સર્વ જીવોને માટે શક્ય નથી. પરિપૂર્ણતા એટલે પરમાત્મપદ. પરમાત્મપદને મુક્તિ કે નિર્વાણ પણ કહે છે. મુક્તિ કે નિર્વાણદશા મનુષ્ય જન્મમાં જ શક્ય છે. મનુષ્યથી ઇતર પ્રાણીઓ મુક્તિ પ્રાપ્ત કરી શકતા નથી એ ખાસ જાણવા જેવું છે.

યોગી પુરુષો સમયની દૃષ્ટિએ પરમાત્માનાં અધિરાજ્યની વિશેષ પ્રાપ્તિ નિમિત્તે, આયુષ્યમાં વધારો કરી શકે છે એવી ખાસ કરીને હિન્દુઓની માન્યતા * છે. મૃત્યુરૂપી મહાન્ ગણાતાં દુઃખને મહાન્ યોગીઓ અમુક કાળ સુધી પરહરી શકે છે એવો હિન્દુ શાસ્ત્રોનો ખાસ નિર્દેશ છે. યોગીઓ પોતાની ઇચ્છાનુસાર આયુષ્યની વૃદ્ધિ કરી શકે છે એ સંબંધમાં સ્વામી વિવેકાનંદે ‘ રાજયોગ ’ માં કહ્યું છે કેઃ—

“ સુસંસ્કારોથી જેમણે મહાન્ શક્તિઓ પ્રાપ્ત કરેલ છે તેમનું મૃત્યુ થતું નથી એમ યોગીઓ કહે છે. સુસંસ્કારી પુરુષોનું શરીર દેવોનાં શરીર જેવું પણ બની શકે છે એવાં ઘણાં દૃષ્ટાન્તો મળી રહે છે. મહાપુરુષો પોતાનાં શરીરમાં સર્વત્ર એવું આબેહૂબ પરિવર્ત્તન કરી શકે છે કે, તેમનાં શરીરને કદાપિ કોઈ પણ પ્રકારનો વ્યાધિ નથી થતો. તેમનું શરીર સર્વદા નિરામય રહે છે. શરીરનું મૃત્યુ પણ નથી થતું. વિશ્વનાં તમામ શરીરો તંત્રોથી બનેલા છે. આથી જે તે શરીરમાં તંત્રની દૃષ્ટિએ યોગ્ય પરિવર્ત્તન થાય તો આયુષ્યમાં વિશિષ્ટ પ્રકારની વૃદ્ધિ સંભાવ્ય બને છે. મનુષ્ય આહાર ગ્રહણ કરે છે, રક્ત આદિનો સંગ્રહ કરે છે. એક મનુષ્યનો આહાર બીજો કોઈ ગ્રહણ કરે તો તે નિરર્થક છે. એક મનુષ્યનાં રક્ત આદિ બીજા મનુષ્યને ભાગ્યે જ કંઈ ઉપયોગનાં થઈ પડે છે. તાત્પર્ય એ કે, મનુષ્ય પોતે જ પોતાના શરીરનો નિર્માતા છે. આથી શરીરના નિર્માણનું જ્ઞાન દરેક મનુષ્યને અવશ્ય હોવું જોઈએ. મનુષ્ય શરીરનો નિર્માતા હોવાથી, શરીરનાં નિર્માણનું યોગ્ય નિયંત્રણ એ તેનું કર્ત્તવ્ય છે. શરીરનું નિર્માણ ઇચ્છાનુસાર થઈ શકે છે ત્યારે મનુષ્ય જન્મ, મૃત્યુ, વ્યાધિ આદિથી મુક્ત થાય છે.

* નિશ્ચિત આયુષ્યમાં કોઇ પણ સંયોગોમાં વૃદ્ધિ થઇ શકતી નથી એવું જૈન શાસ્ત્રોનું સ્પષ્ટ વિધાન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધાનું રહસ્ય બરોબર સમજ્યા વિના ઘણા મનુષ્યો શ્રદ્ધાની પરિણતિ માટે ઉત્સુક બને છે એ નવાઈ જેવું છે. 'શ્રદ્ધા, શ્રદ્ધા' એમ બોલવા માત્રથી શ્રદ્ધાની પ્રાપ્તિ થતી નથી. શ્રદ્ધાનું રહસ્ય યથાર્થ રીતે સમજી, શ્રદ્ધાની પ્રાપ્તિ માટે જેઓ ભગીરથ પ્રયત્ન કરે છે તેમને શ્રદ્ધાની પ્રાપ્તિ થાય છે. શ્રધ્ધાની પરિણતિ નિશ્ચયપૂર્વક થવી જોઈએ. એવી શ્રદ્ધા કાયમ રહે છે. ઉપરછલ્લી શ્રદ્ધાનો નાશ થવાની સંભાવના હરહંમેશ રહ્યા કરે છે. અપૂર્ણ શ્રદ્ધા, આશંકા આદિને કારણે વહેલી મોડી જરૂર નાશ પામે છે. સુશ્રધ્ધા હોય તો વિવેકવૃત્તિનું પ્રાધાન્ય હોય. વિવેક-વૃત્તિને કારણે વિવિધ આશંકાઓનું સત્વર નિરસન થાય છે. આશંકાવૃત્તિ એ શ્રદ્ધાનો મહાનમાં મહાન્ દુશ્મન છે. મનુષ્યે આવી વિવેકબુદ્ધિથી આશંકાનો સર્વથા વિનાશ કરવાની જરૂર છે. મનુષ્યની શ્રદ્ધા એવી સંપૂર્ણ અને વિવેકયુક્ત હોવી જોઈએ કે, આશંકાઓના પ્રબળ ઝંઝાવાતમાં પણ તે અચળ જ રહે. વિવેકયુક્ત શ્રદ્ધાથી અંધશ્રદ્ધાનો ઉચ્છેદ થાય છે. અંધશ્રદ્ધા એ અનેક અનિષ્ટોની પુરોગામી હોવાથી વિવેકબુધ્ધિથી તેનો સદૈવ પરિહાર આવશ્યક થઈ પડે છે. અંધશ્રદ્ધાનો નાશ થાય એટલે શ્રદ્ધા અને વિવેકબુધ્ધિથી મનુષ્ય કલ્યાણ-પંથે સંચરે છે. વિવેકબુધ્ધિ યુક્ત શ્રધ્ધાળુ મનુષ્યનું અધઃપતન ભાગ્યે જ સંભાવ્ય છે. વિવેકી અને શ્રધ્ધાળુ મનુષ્ય આત્માનો અનેરો આનંદ માણે છે. શ્રધ્ધાન્વિત વિવેકી મનુષ્યોને ઇહલોકમાં પણ પરમાત્માનું અધિરાજ્ય પ્રાપ્ત થઈ શકે છે.

મનુષ્યને જ્ઞાન હોય પણ જ્ઞાનનો ઉપયોગ ન કરે તો આત્માનું સ્વાતંત્ર્ય શક્ય નથી. જ્ઞાનના યથાર્થ ઉપયોગથી જ આત્માનું સ્વાતંત્ર્ય પ્રાપ્ત થઈ શકે છે. ઉપયોગ વિનાનું જ્ઞાન તે અજ્ઞાન સમાન છે. ઉપયોગ વિનાનાં જ્ઞાનને કારણે, મનુષ્ય દુઃખ આદિથી મુક્ત થતો નથી. જન્મ અને મૃત્યુની પરંપરા ચાલુ જ રહે છે. આત્માનાં બંધનો કાયમ જ રહે છે. જ્ઞાનની ઉપયોગરૂપ શક્તિથી, પરિસ્થિતિમાં પરિવર્તન કરવાની આત્મામાં પાત્રતા આવે ત્યારે જ આત્માનાં વિવિધ બંધનોનો ઉચ્છેદ શકય થાય છે. આત્મા પોતાનાં ભાગ્યનો વિધાતા અને પ્રભુ બને છે. જ્ઞાનના યથાર્થ ઉપયોગથી જ આત્માને સ્વતંત્રતા અને મુક્તિ મળે છે. જ્ઞાનનો યોગ્ય ઉપયોગ પરમ સુખની પ્રાપ્તિજનક છે. જ્ઞાનના યથાર્થ ઉપયોગથી જ પરમાત્માનું અધિરાજ્ય સંપ્રતીત થાય છે. જે તે યોગ્ય સમયે જ જે તે સત્કાર્ય યથાર્થ રીતે કર્યા વિના, ભાવીની પ્રભુતા પ્રાપ્ત ન થઈ શકે. જે તે કાર્યની ઇષ્ટતા કે અનિષ્ટતાના જ્ઞાન વિના કયું સત્કાર્ય કયે સમયે કરણીય છે એ નથી સમજાતું. આથી ઇષ્ટ અને અનિષ્ટનું યથાર્થ જ્ઞાન, જન્મ અને મૃત્યુથી મુક્ત થવા માટે સૌથી પ્રથમ આવશ્યક છે. ઇષ્ટ અને અનિષ્ટનાં જ્ઞાન પછી જ, જન્મ અને મૃત્યુથી મુકત થવાની સ્થિતિ સંભવી શકે છે, કર્મોના મહાન્ બંધનોનો ઉચ્છેદ થઈ શકે છે. પાપની પરતંત્રતા પલાયન થવા માંડે છે. શાશ્વત પુણ્ય પંથ જ રુચિકર લાગે છે. સદાચાર-વૃત્તિ રગેરગમાં રમી રહે છે. અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થઈ, જ્ઞાનરૂપી પ્રકાશનો આવિર્ભાવ થાય છે. પ્રજ્ઞા-શક્તિ પૂરબહારમાં ખીલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીકળે છે. સત્યની પરિણતિથી જીવન પુણ્ય–તેજોમય બને છે. પરમાત્માનાં અધિરાજ્યનો ઉજ્જવળ પ્રારંભ થાય છે.

કોઈપણ ભોગે સત્યજ્ઞાનની પ્રાપ્તિ કરવી એ મનુષ્ય માટે ખાસ આવશ્યક છે. સત્ય જ્ઞાન ગમે ત્યાંથી અને ગમે તે કાળે પ્રાપ્ત કરવું જોઈએ. સત્ય જ્ઞાનની પ્રાપ્તિમાં નાત-જાતનો ભેદ પણ ન જ હોય. સત્યજ્ઞાનના દિવ્ય પ્રકાશથી, અસત્ય ભેદભાવોનો સર્વથા વિનાશ થાય છે. પ્રાણીમાત્રમાં એક્તાનો સત્ય-ભાવ પરિણમે છે. અજ્ઞાન અને આશંકાઓનું નિવારણ થાય છે. પરમાત્માની પૂજારૂપ જીવનનું મહાસત્ય જ આત્મામાં સર્વત્ર વિલસી રહે છે. આત્મા પરમાત્માનાં અધિરાજ્યથી સત્ય સુખમાં સદૈવ નિમગ્ન થાય છે.

પરમાત્માનું અધિરાજ્ય સદ્ધર્મનાં અનુ-ષ્ઠાનથી પ્રાપ્ત થાય છે. સદ્ધર્મનું અનુષ્ઠાન એટલે સદ્ધર્મની આજ્ઞાઓનું પાલન કરવું અને ધર્મનિષિદ્ધ વસ્તુઓનો પરિત્યાગ કરવો. સદ્ધર્મ–વૃત્તિથી મનુષ્ય ધર્મમય બને છે અને ધર્મકાર્યો કરે છે ત્યારે ' Religion is being and doing. ' ( ધર્મમય થવામાં અને ધર્મ-કાર્યો કરવામાં જ ધર્મ રહેલો છે)એ સ્વામી વિવે-કાનંદનું કથન સક્રિય રીતે સત્ય થાય છે.ધર્મના નિયમોનાં યોગ્ય પાલનમાં જ ધર્મ છે. ધર્મની ખોટી મોટી મોટી વાતોમાં ધર્મ ન હોઈ શકે.

પરમાત્માનાં અધિરાજ્યની પ્રાપ્તિ નિમિત્તે, જુદા જુદા ધર્મોમાં અમુક નિયમો અને આજ્ઞાઓનું વિધાન અવશ્ય થયેલું હોય છે. ધર્મપ્રેમીઓ એ નિયમો અને આજ્ઞા-ઓનો અમલ કરવા માટે શકય પ્રયત્ન કરે છે. ધર્મના નિયમો અને આજ્ઞાઓનું યથાર્થ પાલન થાય તો મનુષ્ય સદાચારી અને નીતિમાન બને છે, મનુષ્ય આત્મોન્નતિના પુણ્ય–પંથે સંચરે છે.

નમ્રતા, પાપકાર્યોની ઘૃણા, સદાચારની તીવ્ર ઇચ્છા, શાન્તિ,દયા અને વિશુદ્ધિ, કોપ અને હિંસક વૃત્તિનો અભાવ, પરસ્ત્રીગમન કે પરદ્રવ્યનો ત્યાગ, સર્વ મનુષ્યો પ્રત્યે પ્રેમ-એ વિગેરે સામાન્ય રીતે દુનિયાના પ્રચલિત ધર્મોના નિયમો કે આજ્ઞારૂપ છે.

સદ્ધર્મના નિયમો અને આજ્ઞાઓનાં યથાર્થ પાલનથી આત્માનાં સત્ય આંતર-સ્વરૂપનો વિકાસ થાય છે. પરમ સુખરૂપ મહા-મૂલ્ય કોશનું અનાવરણ થાય છે. આત્મા-નો અધઃપાત કરનારી લાલસાઓનો વિનાશ પરિણમે છે. નિઃસ્પૃહ વૃત્તિને કારણે, આત્માને સત્ય આનંદનો અનુભવ થવા માંડે છે. દુષ્ટ વાસનાઓનો ભાર ઘણે અંશે કમી થાય છે. ઈંદ્રિયજન્ય સુખવૃત્તિરૂપ પંકમાંથી આત્મા મુક્ત બને છે.પરમાત્માનાં અધિરાજ્યની પ્રાપ્તિ માટે મનુષ્યે અનેક અનિષ્ટોનું નિવારણ કરવું ઘટે છે. એ અનિષ્ટોનું યથાયોગ્ય નિવારણ કરવામાં સાવચેતીની બહુ જ જરૂર છે.અનિ-ષ્ટ પુરુષો અને અનિષ્ટનું નિવારણ પ્રતિકારથી નથી થતું.પ્રતિકારથી અનિષ્ટનું નિવારણ થવાને બદલે અનિષ્ટ ઊલટું વધે છે.ક્રોધ ક્રોધથી શાન્ત નથી થતો. ક્રોધ પ્રેમથી જ શાન્ત થાય છે.ક્રોધ કરવાથી, ક્રોધ શાન્ત થવાને બદલે વૃદ્ધિંગત થાય છે.દુષ્ટ અને ખલ પુરુષો પ્રતિકાર કે વિરોધ-થી શાન્ત નથી થતા.પ્રતિકાર કે વિરોધથી તેઓ ઉગ્ર બને છે. કેટલાક પ્રતિકારને પરિણામે વિફરી પણ જાય છે. દુષ્ટ મનુષ્યો ટીકાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી સુધરતા, તેઓ યોગ્ય બોધ કે પ્રેમથી જ સુધરે છે. વ્યાજબી રીતે ઠપકો આપવાથી દુષ્ટ મનુષ્યોને પ્રાયઃ કશીયે અસર થતી નથી; તેઓ ઊલટા વિશેષ કોપાયમાન બને છે. કોઈ પણ પ્રકારની યોગ્ય નિર્ભર્ત્સના ખલ મનુષ્યો માટે નિરર્થક જ નીવડે છે. આથી પ્રેમ કે બોધથી જ દુષ્ટ મનુષ્યોમાં સુધારણા થઈ શકે છે એ બરોબર સમજવાની ખાસ આવશ્યકતા છે.

મહાપુરુષો અને પરમાત્માના અધિરાજ્યના વાંચ્છુકો દુષ્ટ મનુષ્યો સાથે પ્રેમથી જ કામ લે છે, તેઓ દુષ્ટ મનુષ્યો સાથે પ્રેમથી જ વર્તે છે. મહાપુરુષોને તેથી અનેરો લાભ થાય છે તેમના ઉચ્ચ સદ્‌ગુણોમાં ઓર વધારો થયા કરે છે.

મહાપુરુષો આદિના સંસર્ગથી દુષ્ટ પુરુષોને આત્મ-સુધારણાની દ્રષ્ટિએ કશોયે લાભ ન થાય એમ ઘણીએ વાર બને છે. દુષ્ટ પુરુષો મહાપુરુષોના સદાચાર અને પ્રકાશના ઉચ્ચ આંદોલનો ઘણીયે વાર ઝીલી શકતા નથી. આથી તેમનું મૃત્યુ દુષ્ટતામાં જ થાય છે. તેમની સુધારણા કોઈ રીતે થતી જ નથી.

જે મનુષ્યોને પરમાત્મા જેવા પરિપૂર્ણ બનવાની મહત્ત્વાકાંક્ષા હોય તેમણે પરમાત્મા જેવા જ વિચારો અને કાર્યો કરવાં જોઈએ. પોતાના આનંદમાં કોઈ પણ પ્રકારનો અંતરાય ન થાય તે માટે પરમાત્મા કોઈ પણ પ્રકારનાં અનિષ્ટનો ચંચુ-પ્રવેશ પણ નથી કરવા દેતા તે જ પ્રમાણે પરમાત્માનાં અધિરાજ્યના વાંચ્છુકો અશુધ્ધિજનક અનિષ્ટોને પોતાના આત્મામાં સ્હેજ પણ સ્થાન નથી આપતા. પરમાત્માનાં અધિરાજ્યના ઇચ્છુકો સર્વ જીવો પ્રત્યે સમભાવવાળા અને સર્વ જીવોના હિતૈષી હોય. તેમને કોઈ પ્રત્યે સ્વલ્પ પણ દ્વેષ ન હોય. આત્માની વાસ્તવિક ઉન્નતિમાં વિઘ્નરૂપ કોઈ પણ પ્રકારની કટુ વાણી કે કલહથી પણ તેઓ પર રહે છે.

—અપૂર્ણ

## ઉચ્ચ કોટિનું બળ


Violence gives rise to counter-violence. An act of hostility lets loose of a flood of such acts. The force of non-violence is of so suprex a type. That even hostile hearts may bend before it.

હિંસામાંથી પ્રતિહિંસક ભાવ જન્મે છે. વૈરથી વૈરની પરંપરા ચાલે છે. જગતમાં અહિંસાનું બળ એ ઉચ્ચ કોટિનું બળ છે, કે જે વિરોધીઓનાં દિલને પણ પીગળાવે-નમાવે છે.

—ભગવાન મહાવીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## ભાઈ નાનાલાલ હરિચંદ વકીલનું ખેદજનક અવસાન.



ભાવનગરના વતની ભાઇ નાનાલાલ હરિચંદ ગયા ચૈત્ર વદ ૧૪ના રોજ અયોધ્યા શહેરમાં માત્ર પાંચ–છ દિવસની બીમારી ભોગવી સ્વર્ગવાસ પામ્યા છે. ભાઇ નાનાલાલ ભાવનગરના પ્રખ્યાત વકીલ નથુભાઇ હેમચંદના પુત્ર ભાઇ હરિચંદ નથુભાઇ બેરીસ્ટરના સુપુત્ર હતા. તેઓના પિતાશ્રી બેરીસ્ટર થયા પછી અચાનક 'પેરીસ' શહેરમાં સ્વર્ગવાસ પામ્યા હતા. ભાઇ હરિચંદ આ સભાના સદ્ગત પ્રમુખ ભાઇ મુલચંદ નથુભાઇ વકીલના લઘુબંધુ હતા. આ સભાનું સ્થાપન કરવામાં બન્ને ભાઇઓનો અગ્રભાગ અને ગુરુભક્તિ હતી. ભાઇ નાનાલાલની પ્રથમ સ્થિતિ સામાન્ય હતી પરન્તુ તેઓ મુંબઇ વ્યાપાર અર્થે થોડાક વર્ષો ઉપર વતન છોડી આવ્યા હતા. પુન્યયોગે તેઓની આર્થિક સ્થિતિ સારી થઇ અને તે પછી સમયનો વિચાર કરી તેઓ પોતાના ધંધાથી નિવૃત્તિપરાયણ થતાં ધર્મની સેવા કરવાની ધગશ જાગી હતી, જેથી પ્રથમ ભાવનગરમાં દેવભક્તિ નિમિત્તે શ્રી ગોડીજી મહારાજના મંદિરમાં એક દેરીની પ્રતિષ્ઠા કરી સારી રકમ ખર્ચી હતી. ત્યારબાદ મુંબઇમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથ મહારાજના મંદિરમાં બીજા ટ્રસ્ટીઓ સાથે એક ટ્રસ્ટી તરીકે ચુંટાયા હતા. અને તેઓ ટ્રસ્ટી રહ્યા ત્યાં સુધી શ્રી ગોડીજી મહારાજના દેરાસરના વહીવટ ઉપર દરરોજ છથી આઠ કલાક સુધી સેવા આપતા હતા. આવી જાતનો ભોગ આપનાર તેઓ જ હતા. દરમ્યાન શ્રી અયોધ્યાના પ્રાચીન મંદિરોના જીર્ણોદ્ધારના કાર્ય માટે મુંબઇમાં એક ફંડ થયું હતું અને ત્યારબાદ તેઓ વારંવાર અયોધ્યા જઇ મહિનાબે મહિના રહી સંપૂર્ણ ધ્યાન આપતા હતા. દરમ્યાન બે મહિના પહેલાં તે માટે જ શ્રી સમેતશિખર તીર્થની કુટુમ્બ સાથે યાત્રા કરી અયોધ્યામાં જિનમંદિરનો થતા જીર્ણોદ્ધારની તપાસ કરવા ગયા હતા. તેઓ આવી રીતે ધર્મની સતત સેવા કરી રહ્યા હતા અને આ વખતે તેઓનું આયુષ્ય ત્યાં જ પૂર્ણ થવું સરજ્યું હશે જેથી તેઓનો સ્વર્ગવાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં થયો. તેઓ શ્રદ્ધાળુ હોવા સાથે દેવ–ગુરુ–ધર્મની પૂર્ણ સેવા કરતા હતા. જ્ઞાનભક્તિ કરવાની પણ તેમની લાલસા તેવી જ હતી તેથી સભાને પોતાની માની તેઓએ તેમના પિતાશ્રીના નામની સીરીઝ પ્રગટ કરવા માટે એક રકમ આપી હતી તેટલું જ નહિં પરન્તુ પોતાના વડિલોનો આ વારસો છે તેમ માની ગઈ સાલમાં આ સભાના તેઓ માનવંતા પેટ્રન પણ થયા હતા. તેઓને સભા ઉપર તેમના પિતાશ્રીની જેમ અત્યંત પ્રેમ હતો અને સભા મારફત હજુ પણ તેઓ અમુક ધર્મસેવાના કાર્યો કરાવવા માંગતા હતા, પણ કર્મની ગતિ વિચિત્ર છે. આયુષ્ય પૂર્ણ થયું હોય ત્યાં મનુષ્ય માત્રનો ઉપાય ચાલતો નથી.

આ સભાને તો તેમની ખરેખરી ખોટ પડી છે અને જૈન સમાજે સાચો સેવાભાવી એક નરરત્ન ગુમાવ્યો છે. આ સભા તે માટે પોતાનો સંપૂર્ણ ખેદ જાહેર કરે છે અને તેમના સુપત્ની શ્રીમતી મણીબ્હેનને દિલાસો દેવા સાથે તેઓના ધર્મ–સેવાના અધૂરા રહેલા કાર્યો પૂર્ણ કરે તેમ આ સભા ઇચ્છે છે.

ભાઇ નાનાલાલના પવિત્ર આત્માને અખંડ અને અનન્ત શાન્તિ પ્રાપ્ત થાવ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

ભાઇ નાનાલાલ હરિચંદના ખેદજનક સ્વર્ગવાસ માટે સભાની મીટીંગ મળી હતી અને ખેદ જાહેર કરવામાં આવ્યો હતો.

## ઝવેરી લાલભાઈ કલ્યાણભાઇ

જૈન સમાજના એક આગેવાન વેપારી ગૃહસ્થ વડોદરાનિવાસી શેઠ લાલભાઈ કલ્યાણભાઇ ઝવેરીના મુંબઇખાતે નિપજેલ આકસ્મિક દુઃખદ અવસાનની નોંધ લેતા અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ. તેઓ ચૈત્ર વદિ ૪ ગુરુવારે પોતાના બંગલાથી ફરવા માટે જતા હતા, ચોપાટી પર રસ્તો ઓળંગતા એક મોટરની હડફેટમાં તેઓ આવી ગયા. અને એ અકસ્માત આખરે પ્રાણઘાતક નીવડ્યો.

એક આહોશ ઝવેરી તરીકે સદ્‌ગતે સારી પ્રગતિ સાધી હતી. વડોદરા અને બીજા કેટલાક દેશી રાજ્યોના તેઓ ઝવેરી હતા અને તેને અંગે તેઓશ્રીએ લંડન–પારીસમાં પ્રવાસ કરીને સારી નામના મેળવી હતી.

સમાજસેવા અને શિક્ષણપ્રચારના તેઓ ખાસ હિમાયતી હતા. ગરીબ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં, અને પોતાના કટોકટીના સમયે વડોદરા હાઇસ્કુલને પાંચ હજારની મદદ કરીને તેઓશ્રીએ પોતાનો શિક્ષણપ્રેમ પુરવાર કરી બતાવ્યો હતો.

આત્મશુદ્ધિ માટે ઉપવાસ કરવામાં તેઓ સારી શ્રદ્ધા ધરાવતા હતા. સને ૧૯૩૩ માં મહાત્માજીએ જ્યારે ૨૧ ઉપવાસ કર્યા ત્યારે તેઓશ્રીના સાથે જ તેઓએ પણ ઉપવાસ કર્યા હતા.

કળા અને સાહિત્યના ઉપાસક તરીકે તેઓએ પોતાના બંગલામાં સારો સંગ્રહ એકત્ર કર્યો હતો.

તેઓશ્રીના અવસાનથી જૈન સમાજને એક શિક્ષણ અને સંસ્કારપ્રેમીની તેમ જ આ સભાને એક આગેવાન આજીવન સભ્યની પડેલ ખોટ માટે દુઃખની લાગણી વ્યક્ત કરતા અમો તેમના આપ્તજનોને દિલાસો દેવા સાથે સદ્‌ગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ.

## શા. ભોગીલાલ લલ્લુભાઇનો સ્વર્ગવાસ

ભાઈ ભોગીલાલ લલ્લુભાઇ અમદાવાદ શહેરમાં સુમારે પાંસઠ વર્ષની ઉમ્મરે ચૈત્ર વ. ૪ ના રોજ અવસાન પામ્યા છે. તેઓ ભાવનગરના કાપડના એક કુશળ વેપારી હતા અને બુદ્ધિપૂર્વક વ્યાપાર ચલાવતા હતા. એક મોટા વેપારી તરીકે સાહસિક પણ ગણાતા હતા. તેઓ દેવ–ગુરુ–ભક્તિ–કારક અને શ્રદ્ધાળુ જૈન હતા. ધર્મ પ્રત્યે તેઓને સંપૂર્ણ પ્રેમ હતો. આ સભા ઉપર પ્રેમ ધરાવતા હોઇ કેટલાક વર્ષોથી સભાસદ થયા હતા. ભાવનગરના કાપડના વેપારીઓમાં એક સારા અને બુદ્ધિમાન વેપારી તરીકે તેમજ સારા શ્રાવક તરીકે તેમની ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને અખંડ શાન્તિ પ્રાપ્ત થાવ તેમ પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જાલંધર(પંજાબ)માં મહાવીર જયંતિ

પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રીમદ્‌વિજય વલ્લભસૂરિજી સપરિવાર હુશીયારપુરથી વિહાર કરી જાલંધર શહેરમાં પધાર્યા. નગરપ્રવેશ ઘણી જ ધામધૂમથી શ્રી સંઘે કરાવ્યો. પ્રવચનમાં આચાર્યશ્રીજીએ મનુષ્ય જન્મની દુર્લભતા ઉપર અસરકારક દેશના આપી હતી. દરરોજ આચાર્યશ્રીજી વિવિધ વિષયો પર મનનીય વ્યાખ્યાનો આપતા હતા.

ચૈત્ર સુદિ ૧૩ ના દિવસે શ્રી મહાવીર જયંતી ઉજવવાની હોઇ બારસે ઘણી જ ધામધૂમથી પ્રભુનો વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો.મોટરોમાં શ્રી ગુરુદેવોની તસ્બીરો, ચાંદીની પાલખીમાં તેમજ ચાંદીના રથમાં પ્રભુને બિરાજમાન કરવામાં આવેલ હતા.

શુ.૧૩ ના દિવસે સનાતન ધર્મ સભાના વિશાળ મેદાનમાં વિરાટ સભા આચાર્યશ્રીની અધ્યક્ષતામાં ભરવામાં આવી હતી.

ઉપાશ્રયેથી આચાર્યશ્રીજી તથા પંન્યાસજી શ્રી સમુદ્રવિજયજી આદિ તથા સાધ્વીજીશ્રી દેવશ્રીજી આદિ વરઘોડાની સાથે મંડપમાં પધાર્યા હતા. વાસક્ષેપથી પ્રભુ થયા બાદ આચાર્યશ્રીએ ભગવાન મહાવીરના જીવન વિષયમાં એકધારો ઉપદેશ પ્રવાહ વહેવરાવ્યો હતો. પ્રથમ જૈન, જિનેશ્વર દેવ કોને કહેવાય તે સ્વ-પર-શાસ્ત્રોથી સિદ્ધ કરી, એના ઉપર સુંદર વિવેચન કરી, ભગવાનના ૨૭ ભવનું વિવેચન કરી, ભગવાનના જન્મ-દીક્ષા-તપ-કેવળજ્ઞાન-માતૃભક્તિ વિગેરે ઉપર પ્રકાશ ફેંકી ભગવાનના સ્યાદ્વાદ ધર્મ-અહિંસા ધર્મ ઉપર સચોટ ઉપદેશ આપી ઉપસ્થિત જનતા ઉપર ઘણો જ સારો પ્રભાવ પાડ્યો હતો.

મુનિરાજ શ્રી વિશ્વવિજયજી મહારાજે પ્રભુ મહાવીરની અહિંસા ઉપર વિવેચન કરી સભાને રંજિત કરી હતી.

બપોરે પૂજા ભણાવવામાં આવી. રાતના ભજનમંડલીઓના ભજનો થયા. જ્ઞાનપંચમીનાં ઉજમણા નિમિત્તે સાધર્મીવાત્સલ્ય થયેલ હતું.

---

## મીયાંગામ

સવારના નવ વાગે શા. જીરચંદભાઇના પ્રમુખપદે મહાવીર જયંતિ ઉજવવામાં આવી હતી. પાઠશાળાની બાળાઓના મંગલાચરણ અને અશોકચંદ્ર બી. એ.ના કીર્તન પછી માસ્તર જીવણલાલે પ્રભુના જીવન ઉપર સુંદર વિવેચન કર્યું હતું. અન્ય વક્તાઓના પ્રવચન અને બાળકોના સંગીત પછી સભા પૂર્ણ થતાં લાડુની પ્રભાવના કરવામાં આવી હતી.

પુનમના દિવસે તીર્થયાત્રા નિમિત્તે પટ્ટવંદનાદિ થયાં હતાં અને બંને દિવસે જિનાલયોમાં આંગી રચવામાં આવી હતી.

---

## જંડીયાલામાં ગુરૂપ્રવેશ.

આચાર્યવર્ય શ્રીમદ્‌વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સપરિવાર જાલંધરથી વિહાર કરી કરતારપુર પધાર્યાં. આચાર્યશ્રીજીએ મનુષ્યજન્મની દુર્લભતા ઉપર અસરકારક દેશના આપી હતી. વિધિપુર અને કરતારપુરમાં આચાર્યશ્રીજીની આજ્ઞાથી પંન્યાસજી મહારાજશ્રી સમુદ્રવિજયજીની અધ્યક્ષતામાં મુનિરાજ શ્રી વિશ્વવિજયજી મહારાજે 'મનુષ્ય કર્ત્તવ્ય' ઉપર જાહેર ભાષણો આપી ઐતિહાસિક દૃષ્ટાંતોથી મનુષ્યોનું શું કર્તવ્ય છે તે સારી રીતે બતાવી આપ્યું હતું. અધ્યક્ષસ્થાનેથી પંન્યાસજીએ પણ સારૂં વિવેચન કરી મનુષ્ય જન્મ ઉપર પ્રકાશ ફેંકયો હતો.

કરતારપુર શીખોના ગુરૂ અર્જુનસિંહજીએ આબાદ કર્યો હતો. અત્રે શીશમહેલ આદિ જોવા લાયક છે. એમાં ગુરૂ ગોવિંદસિંહજીની પાઘડી વિગેરે સંગ્રહી રાખેલ છે અને ગામ બહારના ગુરૂદ્વારામાં ગુરૂ નાનક સાહેબ આદિની મૂર્ત્તિઓ સ્થાપન કરેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આથી શિખભાઇઓ પણ મૂર્તિપૂજાના ઉપાસક થતા જાય છે એ ઘણી ખુશીની વાત કહેવાય.

સ્વામીજી સત્યાનંદજી આદિ વિદ્વાનોએ આચાર્યશ્રીજીની સાથે ધર્મચર્ચા કરી હતી.

આચાર્યશ્રીજીએ ચૈત્ર વદિ પ્રથમ ૧૦ તા. ૧-૫-૪૦ બુધવારે જંડીયાલા નગરમાં પ્રવેશ કર્યો હતો. આખું નગર શણગારવામાં આવ્યું હતું.

ભવ્ય સમારોહ સાથે આચાર્યશ્રીએ નગરપ્રવેશ કર્યો. એક મોલવીએ ભારતવર્ષના પ્રખર નિયમી જૈન સાધુઓની પ્રશંસા કરતાં આવા વિદ્વાન જૈનાચાર્યના સ્વાગત કરવાના સૌભાગ્ય માટે હર્ષ વ્યક્ત કર્યો. હિન્દુ, શીખ, ઇસાઈ, મુસલમાન આદિ એકત્રિત થયેલ સર્વ બંધુઓના તરફથી આચાર્યશ્રીજીનો અન્તઃકરણપૂર્વક આભાર માન્યો જિનાલયમાં દર્શન કરી આચાર્યશ્રી ઉપાશ્રયમાં પધાર્યા. ભજનો ગવાયા બાદ અભિનંદન પત્રો અર્પણ થયા. આચાર્યશ્રીજી **बुद्धेः फलं तत्त्वविचारणं च** એ વિષયઉપર અસરકારક વ્યાખ્યાન આપી ઉપસ્થિત જનતાને રંજિત કરી હતી. મુનિશ્રી વિશ્વવિજયજી મહારાજે વિશ્વ બંધુત્વ પર પ્રવચન કરી સભા વિસર્જન કરી હતી. મોદકની પ્રભાવના કરવામાં આવી હતી.

---

## અમૃતસર (પંજાબ)

જંડીઆલાથી વૈશાખ સુદ એકમના દિવસે વિહાર કરી કુરુજી પધાર્યા. વિહાર આ.શ્રી વલ્લભસૂરિજી સમયે ઘણા શ્રાવકો સાથે હતા. વૈ. શુ. ૨ ના દિવસે અમૃતસર શહેરમાં પ્રવેશ કર્યો. ઘણા ભાઇઓ સામે આવ્યા હતા.

આચાર્યશ્રી બીકાનેરવાળા શા. બંસીલાલજીના મકાનમાં વિશ્રામ લઈ સામૈયા સાથે પધાર્યા. શ્રી અરનાથ ભગવાનના દર્શન કરી શ્રી આત્માનંદ ધર્માર્થ ભવનમાં આવતાં ગુરૂ સ્તુતિઓ થયા બાદ પંડિત રાધાકૃષ્ણજી મ્યુનિસીપાલીટી મેમ્બર બી. એ. એ આચાર્યશ્રીજીના પધારવાની ખુશાલીમાં વલ્લભ સ્તુતિ ગાઈ સંભળાવી સૌના મનને આકર્ષિત કરી લીધા હતા. બાબુ મોહનલાલજી પ્લીડરે શ્રી સંઘના તરફથી અભિનંદન પત્ર વાંચી સંભાળાવી આચાર્યશ્રીજીના કરકમલોમાં અર્પણ કર્યું હતું. આચાર્યશ્રીજીએ અભિનંદન પત્ર સ્વીકારતાં વિવેચન સાથે સૌના ચિત્તને આકર્ષી લીધા હતા.

ત્યારબાદ સનાતન પ્રચારક પત્રના અધિપતિ પંડિત રૂલીયારામજીએ વ્યાખ્યાન આપ્યું હતું.

વૈ. સુ. ૬ છઠના દિવસે અત્રેના દહેરાસરની વર્ષગાંઠ હોવાથી ઘણી જ ધામધુમ થઇ. રથયાત્રાનો વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. ભજન મંડલીઓએ રંગ જમાવ્યો હતો. ત્યારબાદ પુજા ભણાવવામાં આવી હતી. વૈ.શુ ૫. ને દિવસે વ્રતોચ્ચારણ કરાવવામાં આવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

## ( મળી શકતા ગ્રંથોનું લીસ્ટ )

| | |
|---|---|
| શ્રી નવતત્ત્વનો સુંદર બોધ | ૦।।≈ |
| શ્રી જીવવિચાર વૃત્તિ | ૦।≈ |
| શ્રી દંડક વૃત્તિ | ૦।। |
| શ્રી નય માર્ગદર્શક | ૦।।≈ |
| શ્રી હંસવિનોદ | ૦।।। |
| કુમાર વિહારશતક | ૧।। |
| શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦।। |
| શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી | ૦।≈ |
| શ્રી મોક્ષપદ સોપાન | ૦।।। |
| ધર્મબિન્દુ આવૃત્તિ બીજી | ૨) |
| શ્રી પ્રશ્નોત્તરપુષ્પમાળા | ૦।।।≈ |
| શ્રી શ્રાવકકલ્પતરૂ | ૦।≈ |
| શ્રી આત્મપ્રબોધ | ૨।। |
| જૈન ગ્રંથ ગાઇડ | ૧) |
| શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) | ૦।। |
| શ્રી સમ્યક્ત્વસ્વરૂપ સ્તવ | ૦। |
| શ્રી ચંપકમાળા ચરિત્ર | ૦।। |
| શ્રી સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર | ૧) |
| શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) | ૦।। |
| શ્રી અધ્યાત્મમત પરીક્ષા | ૦। |
| શ્રી ગુરૂગુણમાળા | ૦।। |
| શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦।- |
| શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૦।। |
| શ્રી ઉપદેશસપ્તતિકા | ૧) |
| શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧।। |
| સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | ૧) |
| શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | ૨) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | ૨) |
| આદર્શ જૈન સ્ત્રીરત્નો | ૧) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૨।। |
| શ્રી દાનપ્રદીપ | ૩) |
| શ્રી નવપદજી પૂજા ( અર્થ સહિત ) | ૧। |
| કાવ્યસુધાકર | ૨।। |
| શ્રી આચારોપદેશ | ૦।। |
| ધર્મરત્ન પ્રકરણ | ૧) |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર (અર્થસહિત શાસ્ત્રી) | ૧।।। |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત (ગુ.) | ૧। |
| શ્રી આત્મવિશુદ્ધિ | ૦।≈ |
| કુમારપાળપ્રતિબોધ | ૩।। |
| જૈન નરરત્ન " ભામાશાહ " | ૨) |
| આત્માનંદ સભાની લાયબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ | ૦।।।≈ |
| શ્રી વિમલનાથ ચરિત્ર | ૧।।। |
| શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | ૧।।। |
| શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | ૧) |
| ધર્મપરીક્ષા | ૧) |
| શ્રી પ્રભાવક ચરિત્ર | ૨।। |
| જૈનધર્મ | ૧) |
| શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત | ૦।।≈ |
| શ્રી સામાયિક સૂત્રાર્થ | ૦)≈।। |
| શ્રીપાળરાજાનો રાસ, સચિત્ર (અર્થ યુક્ત) | ૨) |
| ,, ,, ,, રેશમી પુઠું | ૨।। |
| સતી સુરસુંદરી ચરિત્ર | ૧।। |
| સંવેગદ્રુમ કંદલી | ૦। |
| શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | ૦)≈ |
| ,, સોળમો ઉદ્ધાર | ૦। |
| શ્રી વીશસ્થાનક પૂજા અર્થ સહિત | ૦।।। |
| શ્રી તીર્થંકર ચરિત્ર | ૦।।≈ |
| કલિંગનું યુદ્ધ યાને મહારાજા ખારવેલ | |
| શ્રી મહાવીર જીવનચરિત્ર | ૩) |

**લખોઃ-શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.


તૈયાર છે જલદી મંગાવો તૈયાર છે

છપાઈ ગયેલા નવા બે ગ્રંથો

## બૃહત્‌કલ્પસૂત્ર

ભા.૪થો ને ભા. ૫ મો મૂળ તથા સંસ્કૃત ટીકા સાથે

**કીંમત અનુક્રમે રૂા. ૬ા અને ૫**

---

## શ્રી મહાવીર જીવનચરિત્ર.

### ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણુ મૂળ પ્રાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રાયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુના જીવનચરિત્રનું મનનપૂર્વક વાચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે, કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

### નવીન ત્રણ ઉત્તમ ગ્રંથો નીચે મુજબના છપાય છે.

૧ કથારત્ન કોષ—શ્રી દેવભદ્રસૂરિકૃત

૨ ઉપદેશમાળા—શ્રી સિદ્ધર્ષિકૃત મોટી ટીકા

૩ શ્રી નિશિથ ચૂર્ણિસૂત્ર ભાષ્ય સહિત.

---

### છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) ( મૂળ ) २ श्री मलयगिरि व्याकरण.

३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ पांचमो छट्ठो कर्मग्रन्थ.

५ श्री बृहत्कल्पसूत्र भाग ६

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only